શ્રીમાન્ ભૂલાભાઈ ગોસાંઈભાઈ

[illegible]તમ નિવાસી તરફથી 'પટેલબન્ધુ'ના ગ્રાહકોને

પાંચમા વરસની ભેટ.

70

કન્યાવિક્રયદોષદર્શન.

લેખક.

કુબેરભાઈ ઝવેરભાઈ પટેલ, (વિજયદેવનિ)

ઉત્તરસંડા નિવાસી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી પાટીદાર યુવક મંડળના ઑ. પ્રેસીડન્ટ.

ચંદુલાલ બેહેચરદાસ પટેલ, સુરત.

વિક્રમાર્ક ૧૯૬૯ સને ૧૯૧૩.

સુરત ખપાટીઆ ચકલાપર આવેલા ખુ. ભ.ના "જૈન" પ્રિંટીંગ પ્રેસમાં [illegible] છાપ્યું.

"પાટીદાર યુવક મંડળ."

संजातो । जातेन याति वंशः समुन्नतिम्

લેશ પણ ભિન્નભાવ રાખ્યા સિવાય, સર્વ વિભાગના તેમજ સર્વ પેટા કોમના સર્વ પાટીદાર બંધુઓની અનેક પ્રકારે સેવા કરવાના સાર્વજનિક ઉદ્દેશથી 'પાટીદાર યુવક મંડળ' ૭ વર્ષથી સ્થાપન કરેલ છે. બંધુઓમાં સંપ, કેળવણી વધારી, તેઓને ચાલુ જમ..ની સાથે રાખવા ઉપરાંત ઉપયોગી વાચન પુરૂં પાડવા,' 'કૃષિ, સમાજ, સાહિત્ય, નીતિ આદિ સંબંધી વિવિધ પ્રકારનું જ્ઞાન ફેલાવનાર,' અન્ય જ્ઞાતિને પણ ઉપયોગી થઇ પડતું" 'પટેલ બંધુ' માસિક ૭ વર્ષથી બહાર પાડીએ છીએ. અમારા બાળ બંધુને એક અપૂર્વ વિદ્યાવીર કે દાનવીર બનાવી સર્વોત્તમ નાગરિક બનાવવાના શુભ આશયથી 'ઉત્સાહી અને આત્મશ્રદ્ધાળુ' ઓનરરી સુપ્રીન્ટેન્ડન્ટની દેખરેખ નીચે 'પાટીદાર યુવક મંડળ બોર્ડિંગ' જેવી 'સુઘટિત વ્યવસ્થા વાળી' સંસ્થા પણ લાયબ્રેરી સાથે સ્થાપવાને ભાગ્યશાળી થયું છે. જ્ઞાતિનેજ અમારૂં સર્વસ્વ માની સર્વ બન્ધુને ઉચ્ચ જીવનનું સ્વરૂપ સમજાવવા પગારદાર તેમજ સ્વયંસેવક ઉપદેશક દ્વારા મંડળ પ્રયાસ જારી રાખે છે. પાટીદાર પરિષદ્ જેવી અમારી ઉપયોગી પ્રવૃત્તિ પ્રત્યે સર્વ મહાશયોનું લક્ષ ખેંચી, મંડળના પ્રત્યેક અંગ જેવાં કે 'યુવક મંડળ બોર્ડિંગ હાઉસ,' 'પટેલ બન્ધુ' 'લાયબ્રેરી' વગેરેમાં જરૂર જણાતો દ્રવ્યની મદદ કરી મંડળની આર્થિક સ્થિતિ સુધારી 'યુવક મંડળ' કે જેના વિશ્વ વિદ્યાલયની ઉંચામાં ઉંચી ડીગ્રી મેળવનાર, તેમજ નામદાર બ્રિટિશ સરકારના તરફથી તેઓની વફાદારી અને પ્રજા સેવાના પ્રતિબિંબરૂપ મોટા ખીતાબો મેળવનાર, પેટ્રન થયા છે, તેજ સાંસારિક અને આર્થિક પ્રવૃત્તિ વાળા યુવક મંડળના સભાસદ થઈ, સહાનુભૂતિ પ્રદર્શિત કરવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

યુવક મંડળ કાર્યાલય. } ચંદુલાલ બહેચર લાલ પટેલ.
પારસીશેરી–સુરત. } ઓનરરી પ્રેસીડન્ટ, 'પાટીદાર યુવક મંડળ.'

"પટેલબન્ધુ"ના પાંચમા વર્ષના ગ્રાહકોને ભેટનું પુસ્તક આપી શકતાં આનંદ થાય છે. માત્ર સવા રૂપિઆના વાર્ષિક લવાજમમાં દીવાળીનો ખાસ અંક અને ભેટ વગેરેનો ખરચ નીભી શકેજ નહિ. એટલે દર વરસે ભેટ આપવીજ એવો નિયમ નથી. છતાં કોઈ સખી ગૃહસ્થની મદદ મળે તો ગ્રાહકબંધુઓને જેમ વધારે લાભ મળે તેમ કરવા અમે ચૂકતા નથી.

આ વરસે પણ આ પુસ્તક લખનારે જે ઉત્સાહ અને શ્રમ આ સાદાં–સરળ–નાનકડાં પુસ્તક પાછળ કેવળ જ્ઞાતિ બંધુઓને કંઇ પણ ફાયદો થાય એ ઉદ્દેશ રાખી ખરચ્યો છે તે સફળ કરવા અને ગ્રાહકબંધુઓને વાંચનનો વધુ લાભ મળે એ હેતુ જાળવવા કણિઆપાર જીનીંગ ફેક્ટરીના માલિક જ્ઞાતિભક્ત શ્રીમાન ભૂલાભાઈ ગોરાંદભાઈ તરફથી રૂપિયા ૫૦ની સારી મદદ મળતાં આ પુસ્તક પ્રકટ કરી વહેંચવામાં આવ્યું છે. મહાશય ભૂલાભાઈનો તેમની આ ઉદાર મદદ બદલ મંડળ આભાર માને છે અને ઇચ્છે છે કે તેમના જેવા શ્રીમાન્ ગૃહસ્થોને હાથે આવાં જનહિતકારી કામો વધુ ને વધુ પ્રમાણમાં થતાં રહે.

સુરત. }
શરદુત્સવ. }

કુંવરજી વિઠ્ઠલભાઈ મહેતા
તંત્રી 'પટેલબન્ધુ.'

આપ્ત વાક્યો

દીપે છે, દેવતાય છે, છે ચન્દ્રે, છેજ તારકે;
નથી જ્યાં **સુન્દરી** ત્યાં ત્યાં, વિશ્વે સૌ અન્ધકાર છે.

જ્યાં સ્ત્રીઓ તરફ સમાન વૃત્તિ છે, ત્યાં દેવતાઓ પ્રસન્ન રહે છે.

સાધ્વી પત્ની એ દેશના ઉત્કર્ષનું મુખ્ય સાધન છે. પ્રજાજીવનને આત્મપ્રભાથી અજવાળવા તેજ સમર્થ છે.

સર્વથા ગૃહની, કુટુમ્બની, ગામની, દેશની, સર્વની ઉન્નતિનું મૂળ સન્નારીરૂપ શુદ્ધ **માતા** એજ છે.

સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે.

સ્ત્રીઓની ઉન્નતિમાં પ્રજાની ઉન્નતિ રહેલી છે.

સ્વદેશને આબાદ કરવાનો ઉત્તમ માર્ગ માતાઓને કેળવણી આપવી એજ છે.

"I cannot think that a man of high culture could regard his marriage as altogether a successful one so long as his wife remained shut out from his mental life."

અર્થઃ—જ્યાં સુધી પોતાના આંતર જીવનમાં પત્ની ઉતરી શકી નથી, ત્યાં સુધી પોતાનું લગ્ન સંપૂર્ણ રીતે સફળ થયું છે, એમ કોઇ પણ ઉચ્ચ કેળવણી પામેલો પુરૂષ માની શકે એવું મારૂં ધારવું નથી.

"Good professors can make good scholars, but good mothers alone can make good man."

અર્થ:—સારા અધ્યાપકોને લીધે સારા વિદ્યાર્થીઓ થશે. પણ પુરૂષરત્ન તો સારી માતાઓજ ઉત્પન્ન કરી શકશે.

"A man is what his wife makes him."

અર્થ:—દરેક માણસ સારો અગર નરસો થવો એ તેની સ્ત્રીના હાથમાં છે.

"A good wife is heaven's best gift to man."

અર્થ:—શાણી, સુશીલ સ્ત્રી એ પરમાત્મા તરફની શ્રેષ્ઠ બક્ષિસ છે.

"O woman! woman! thou art formed to bless,
For woman is all truth and steadfastness:
Holy, divine, good, amiable, or sweet,
Each softest trust-virtue there should meet."

અર્થ:—અહો લલના! લલના! તું પુરૂષને આશીર્વાદ આપવાને સર્જાયલી છે, કારણ કે તું સર્વ સત્ય અને દઢતાની પ્રતિમા છે. પ્રત્યેક કોમળ સદ્દવૃત્તિઓ–પવિત્રતા, સાત્વિકતા, ભલમનસાઈ, નમ્રતા અને મધુરતા–ત્હારામાં વાસ કરી રહ્યાં છે

પ્રસ્તાવના.

પ્રત્યેક લેખની સાથે પ્રસ્તાવનાની ખાસ આવશ્યક્તા છે, એમ સર્વ કોઇ કબુલ કરશેજ; કારણ કે પ્રસ્તાવનાથી પુસ્તકનો મૂળ ઉદ્દેશ સમજાય છે. માટે આ પુસ્તકના સંબંધમાં ભૂમિકાતરીકે મારે જે કહેવાનું છે તે વાચક વર્ગ સમક્ષ રજુ કરૂં છું.

આ પુસ્તક કાંઈ જનસમાજને દુઃખ લગાડવાને કે એવા અન્ય કોઇ પણ નીચ આશયથી લખ્યું નથી, પરન્તુ આપણા ભારતદેશમાંથી ખરાબ, દુષ્ટ, રાક્ષસી રિવાજોરૂપી શત્રુઓની સાથે મહાન યુદ્ધ કરી, તેમને હરાવી, પકડી તેમનો શિરચ્છેદ કરાવવા અને આપણી પુરાણી સાદાઇ અને મૂળ પ્રશંસનીય રૂઢીઓ પકડાવવા ખાતરજ કડવા યા મીઠા શબ્દોમાં લખવું પડયું છે. આપણામાં એક કહે-વત છે કે ખરો મિત્ર હોય તેજ કડવાં વચન કહે. અને બેશક દર્દીનાં દર્દ ટાળવા માટે કડવી ગોળી આપવા સુવૈદ્ય ડરતો નથી. એ ગોળી ગળતાં દર્દી મ્હોં વાંકુચુંકું કરે કે વખતે ધમપછાડા પણ કરે ત્હેની દરકાર વૈદ્ય કરતો નથી.

આપણા ભારતદેશનાં વખાણ થાય, કીર્તિ વધે, જગ-

તમાં તેની નામના થાય અને વાહ વાહ બોલાય, અને મુખ્યત્વે તો ભારતબાળ આબાદ થાય અને જગત્‌ની આબાદીમાં ભાગ આપે એવું એવું જોઈ આપણામાંનો કયો ભારતમાતાનો ભાગ્યહીન બાળ ખુશી નહિં થાય ?

આપણા પ્રાચીન ભારતદેશની પડતી આવી ગઈ છે, ધર્મ બીજે રસ્તે દોરાયલો દૃષ્ટિગોચર થાય છે; અને આ બધું જોયા કરવું, છતાં કડવાં યા મીઠાં સખુનોથી ચેતવણી ન આપવી એતો ખરેખર વિશ્વાસઘાત કરેલો કહેવાય.

આજકાલ જનસમાજમાં દરેક બાબતમાં સુધારાની દિન પ્રતિદિન ચઢતી હોવાને લીધે કન્યાવિક્રય એટલે કે કન્યાની ભરબજારમાં હરરાજી કરવી–જેવા પાપિષ્ઠ રિવાજ તરફ સર્વ કોઈ સમજુ અને કેળવાયલ વર્ગની ક્રૂર કટાક્ષ દૃષ્ટિગોચર થાય છે;

ઘણા વિદ્વાનોએ ભાષણ, લેખ અને પુસ્તકોદ્વારા કન્યાવિક્રયના વિષયને ચર્ચવાને કોઇ પણ જાતની કચાશ રાખી નથી; અને તેથીજ કોઇ કોઇ ગૃહસ્થને આવા નાના પ્રયાસની જરૂર નહિ જણાય, પરન્તુ જમીનમાં ઉંડો ખીલો રોપનારને જેમ ખીલાના માથા ઉપર ફટોફટ હથોડાના સખ્ત ઘા કરવાની જરૂર જણાય છે, તેવીજ રીતે આ મ્હારો પ્રાથમિક અને અલ્પ પ્રયાસ, કન્યાવિક્રય જેવા પાપિષ્ઠ

રિવાજ વિરૂદ્ધ એક પોકાર તરીકે જનસમાજમાં કાંઇને કાંઇ બોધદાયક થઇ પડશે તેવી રીતની મારા અંગત સ્નેહીઓની ભલામણથી આ લઘુલેખ સર્વ આર્યબન્ધુઓની પવિત્ર સેવામાં એક નાનકડા પુસ્તકરૂપે રજુ કરૂં છું, તો જેમ હંસ દુધમાં ભેળાયલા પાણીને ત્યજી માત્ર દુધનુંજ પ્રાશન કરે છે, તેવીજ રીતે મારા આ પોકારની અંદર જણાતા દોષોનો અનાદર કરી, બોધદાયક શબ્દો ગ્રહણ કરશે, તે સાથે તે જુલ્મી રિવાજને દૂર કરી, તેનાથી પોતે બચી, પોતાના કુટુંબીઓને બચાવી, લાગતા વળગતાઓને ઉપદેશ આપી બચાવવા પ્રયત્ન કરશે તો મારો પ્રયાસ સંપૂર્ણ સફળતાએ પહોંચ્યો છે, એવી રીતે માનવાને મને આનંદ થશે, અને હું તેવા સર્વબન્ધુઓનો ખરા અંતઃકરણથી આભાર માનીશ.

Since each has his trials and troubles to bear,
While as pilgrims we journey along the road;
When we meet with a brother with more men his share,
'Tis humanity bids us to lighten his load;
'Tis a pleasure that selfishness can never know,
A joy that no language, no pen can express;
Ah! who can forget that has once felt the glow,
Which the heart feels, while helping a friend in distress.

અર્થઃ—આપણી સાથે જીવનયાત્રામાં પ્રયાણ કરતાં દરેક મનુષ્યને પોતપોતાનાં પરીક્ષણો તથા દુઃખો સહન કરવાનાં છે અને તેથી જ્યારે પોતાના ગજા ઉપરાંતના ભારથી દબાયેલ સહયાત્રાળુ આપણી નજરે પડે ત્યારે તેના ઉપરનો બોજો ઓછો કરવાની આપણી ફરજ છે એમ આપણું મનુષ્યત્વ આપણને પ્રેરણા કરે છે. આવા સત્કાર્યથી જે આનંદ થાય છે તે સ્વાર્થીજનો કદાપિ અનુભવી શકે નહિં. અને વાણી તથા કલમ વર્ણવી શકે નહિં. ખરેખર ! મિત્રને સંકટ સમયે સહાયતા આપવાથી થઈ આવતો હૃદયનો ઉલ્લાસ જેણે અનુભવ્યો હશે તે કદિ પણ કેમ વિસરશે ?

આ પુસ્તક રચાઈ કેટલોક વખત થયાં રહેલું પણ તેને પ્રકટ કરવાને જોઈતાં સાધનો મળ્યાં નહિ, ત્યાંસુધી તે જનસમાજની સેવા બજાવી શક્યું નથી. આ કાર્ય માટે અને તેને પ્રસિદ્ધિમાં લાવવા માટે મેં પત્રદ્વારા મારા સ્નેહીઓને પૂછ્યું અને તેમના માયાભર્યા પ્રત્યુત્તરથી આજે આપણે તેનું અસ્તિત્વ જોવાને શક્તિમાન થયા છીએ, માટે તે માયાળુ અને આવા સાર્વજનિક પ્રયાસના ઉત્તેજકનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

શ્રી પાટીદાર યુવક મંડળે આ પુસ્તકની કદર જાણી 'પટેલબન્ધુ' માસિકની પાંચમા વર્ષની ભેટતરીકે વહેંચાવ્યાથી મ્હને સંતોષ થાય છે.

આ પુસ્તક રચવામાં :કન્યાવિક્રયની ક્રૂરતા નામક પુસ્તકની સહાયતા લેવામાં આવી છે, જેથી તે પુસ્તકના કર્ત્તા શ્રીમાન્ મહાશય કૃપાશંકર ઝીણાભાઈ પંડયાનો હું અત્યંત આભારી છું

આ પુસ્તક સુધારવામાં એક વડીલ સુમિત્રે જે મદદ મને કરી છે જેથી તેમનો હું ઉપકારી છું. સાથે વળી આ પુસ્તક પ્રસિદ્ધિમાં લાવનાર "પાટીદાર યુવક મંડળ"ના કાર્ય વાહકોનો પણ આભાર માનું છું.

ગુજરાતી ભાષાના અનુયાયીઓ તરફથી ઉત્તરોત્તર ઉત્તેજન મળશે તો આવીજ રીતે વધુને વધુ સેવા બજાવવાને પ્રવૃત્ત થઈશ. તેમજ આ પ્રાથમિક પ્રયાસમાં દોષો પણ રહેલા હશે જે સુધારવાને વિદ્વાન અને સાક્ષરવર્ગ તરફથી સૂચના કરવામાં આવશે તેનો અનાદર નહિ કરતાં દ્વિતીય આવૃત્તિમાં તેવી રીતની સુધારણા કરવા ભૂલીશ નહિં.

આ લઘુ અને ઉપયોગી પુસ્તક દરેક કુટુંબમાં સ્ત્રી, પુરૂષ અને બાળકો વાંચી, સાંભળી, ઉપયોગી વાત ગ્રહણ કરે અને પોતાની કોમમાંથી આ કૃર રિવાજને દૂર કરી મહત્તાને પ્રાપ્ત કરે એવી મારી પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે હરદમ પ્રાર્થના છે. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

દારેસલામ જરમન ઇસ્ટ આફ્રિકા.
વિક્રમાર્ક ૧૯૬૮ની વસંત પંચમી.

લી. આર્યબન્ધુઓનો
કૃપાકાંક્ષી સેવક

કુબેરભાઇ ઝવેરભાઇ પટેલ.

ॐ तत्सत्

કન્યાવિક્રયદોષદર્શન.

સજ્જનો ! આ લઘુ પુસ્તકમાં જણાવવામાં આવ્યું છે કે કન્યાવિક્રય મહા રૈરવ નર્કમાં ઠેલનારૂં, ધર્મશાસ્ત્રે નિષિદ્ધ ગણેલું, દીકરીનો જન્મારો ધૂળમાં મેળવનારૂં એક અકાર્ય છે. કન્યાવિક્રયથી પ્રાપ્ત કરાયલું દ્રવ્ય સર્વસ્વ નાશ કરનારૂં છે.

કન્યાવિક્રય એટલે શું ? કોઈ પણ વસ્તુની કીંમત આપી વેચાણ લેવી તેને ક્રય કહેવાય છે, જ્યારે આથી વિરૂદ્ધ જે કોઈ પણ વસ્તુની કીંમત લઇ વેચાણ આપવી તે વિક્રય કહેવાય છે. જેમકે દ્રવ્ય લેઇ ધાન્ય આપવું તે ધાન્યવિક્રય, પૈસા લેઈ ઢોર વેચવું તે ઢોર-વિક્રય, તેવીજ રીતે બજારભાવે નાણું લેઇ કન્યા વેચવી તે કન્યાવિક્રય કહેવાય છે; અને આથી વિરૂદ્ધ નાણાંની કોથળીઓ કન્યાના બાપ પાસેથી તેને કનડીને લેઇ દીકરો વેચવો તે વરવિક્રય કહેવાય છે.

દીકરી અને ગાય, જ્યાં દોરે ત્યાં જાય. આ આપણી કહેતી અક્ષરશઃ સત્ય છે. અને આ પ્રમાણેનો લાભ લઇ

જુલમી અને ક્રૂર હૃદયનાં માબાપો તેમ કરવાને ચુકતાં પણ નથી. એવી રીતે થતો વિક્રયનો અતિ જુલ્મ, ગાય જેવી રાંક કન્યાઓને ભોગવવો પડે છે. આ મહાજુલમી રિવાજનો પ્રચાર આવા ઉજ્જવળ સુધારાના વખતમાં દિનપરદિન ધમધોકાર વધ્યે જાય છે, એ કેટલી શોચનીય વાત છે !

કવિએ બળતા હૃદયે કહ્યું છે કેઃ—

[1]**કન્યાદેવી** દેવી વિચારી–કન્યાદાન દેઇ વિચારી.

કન્યા રાંક ગાય બિચારી..............કન્યા૦
જુગતીરે જોડી જે જન બાંધે,
પુણ્ય અલૌકિક તે નર સાધે,
બાંધે પુણ્ય જગમાં વાધેરે વડાઈ,
બેટી દેતી આશિષ હૈયે હરખાઇ..............કન્યા૦

લાકડે માંકડું જે જન સાંધે,
પાપીઆ પાપનું લગડુંરે લાધે,
પાપ પોઠ ભરે એ પામર કસાઈ,
કીડા પડી રીબી રીબી મરે પસ્તાઇ..............કન્યા૦

આ દુષ્ટ કૃત્ય સામે કેડ બાંધી તેનો પ્રચાર બંધ કરવા સતત પ્રયત્નશીલ બનવું એ દરેકેદરેક આર્ય

---

૧ મરહુમ સાક્ષરશ્રી ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરી ૨ 'સત્ય' માસિક પુસ્તક ૨જું. અંક ૬ઠ્ઠો.

બન્ધુની એક ફરજ છે. આ ફરજ તેઓએ પોતાથી બનતી પહેલીજ જોગવાઇએ અદા કરવીજ જોઇએ છીએ.

પ્રાચીન કાળમાં કન્યાવિક્રય જેવો દુષ્ટ રિવાજ મુદ્દલ નહોતો તે, તે સમયમાં થઈ ગયેલા મહાન પુરૂષોનાં જીવન વૃત્તાંતથી, ઈતિહાસોઉપરથી અને સ્વયંવરની પ્રણાલિથી સિદ્ધ થાય છે. તે સમયમાં કન્યાનું ભરબજારમાં જાહેર યા છુપું લીલામ થતું નહોતું, પણ કન્યાને દાનતરીકેજ આપવાનો રિવાજ હતો. તે સમયમાં કન્યાઓ માબાપની મર્યાદામાં રહી સ્વયંવરથી ઈચ્છિત વર શોધી કહાડતી. દાખલા તરીકે આપણને દેવી સતી સીતા, દેવી અનસૂયા; સતી સાવિત્રી, સતી તારામતી, સતી દ્રૌપદી, સતી દમયંતી, સતી સુભદ્રા, સતી ભોગવતી, સતી લીલાવતી, વીર સતી સંયુકતા વગેરે પવિત્ર વિદુષી સન્નારીઓનાં વૃત્તાંતથી તેમજ પ્રાચીન ઇતિહાસોથી એ હકીકત સ્પષ્ટ થાય છે.

આધુનિક સમયમાં તો કન્યાઓને જબરદસ્તીથી માબાપો પોતાના સ્વાર્થ માટે ભરબજારમાં વેચે છે, અને પૈસા મેળવવાની લુબ્ધામાં એક મડદા સાથે મીંઢળ બાંધી ફેરા ફેરવી દુઃખચિતામાં ધકકેલી મૂકે છે. કેવો જુલ્મ! કેવો અન્યાય!

સ્વયંવરના સંબન્ધમાં એક માસિકમાં પ્રસિદ્ધ થયેલો ફકરો આપની જાણમાટે રજુ કરૂં છું:—

[૨]અત્યારે આ દેશમાં સ્વયંવરનું નામ લેતાં સંરક્ષક પાર્ટી ઉતરી પડે છે. બિચારા જાણીને હેબક ખાશે કે સ્વયંવર ઉપર પણ નવો સરકારી સ્વયંવર યુનાઇટેડ સ્ટેટ્સમાંના 'ઇંડીઆ સ્ટેટ'માં ૧૯૦પની સાલથી ફરજ્યાત છે. આ દેશમાં લાકડે માંકડું વળગાડી 'ચલ મારા બાપ'........કરવામાં આવે છે તે ક્યાં? અને ઉક્ત સ્ટેટમાં લગ્ન કરવા ઇચ્છતાં સ્ત્રીપુરૂષને, તેઓ શારીરિકરીતે યોગ્ય છે, એ મતલબનું પરણતાં પહેલાં 'લાઇસન્સ' લેવું પડે છે, તે ક્યાં? દુર્બલ મનનાં, ફેફરૂ વગેરે, રોગથી પીડાતાં, ગાંડાં, નપુંસક, રોગી પ્રજા થાય એવાં, ચેપી રોગવાળા સ્ત્રીપુરૂષને લગ્નનો પરવાનો આપવામાં આવતો નથી એટલુંજ નહિ, પણ ભાવિ કુટું-બનું સ્થિતિ પ્રમાણે પોષણ કરવા જે અસમર્થ હોય તેને પરણવા દેવામાં આવતો નથી. અર્થાત્ એ દેશમાં પણ સ્વયંવર સરકારી ચાળણીમા ચળાય છે! એ દેશમાં ૧૯૦પનીજ સાલમાં જે બીજો યાદગાર કાયદો પસાર કર-વામાં આવ્યો હતો તે એ છે કે "કેદમાં પડેલા જે ગુન્હેગારો એવા દુષ્ટ ચેપી રોગોથી પીડાતા હોય, કે જેથી તેમના રજ કે વીર્યથી ઉત્પન્ન થતી પ્રજાને તે રોગો આવે

ઉતરે અને તે ભાવિ પ્રજા ભારરૂપ થઈ પડે તો તેવા સ્ત્રી પુરૂષોનાં ગુપ્તાંગોપર તેમની સમ્મતિવિના પણ એવો શસ્ત્રપ્રયોગ કરવો કે જેથી તેમને પ્રજા ઉત્પન્ન થઈ શકે નહિ. અત્યારસુધીમાં એવી રીતે ૭૦૦ શસ્ત્રપ્રયોગો થઇ ચૂકયા છે. જો કે દેખીતી રીતે આ વિષય અસભ્ય લાગે છે પરન્તુ પરિણામ જોતાં તેની ઉત્તમતા વિષે બે મત હોઈ શકે નહિ.

કન્યાનો બાપ જો ગૃહસ્થ અને સંપત્તિવાન હોય તો સારો બુધ્ધિમાન અને ઉમ્મર યોગ્ય વર શોધી પોતાની સુકન્યાને અર્પણ કરતાં. ઉપરાંત પોતાની શક્તિપ્રમાણે અમુક પહેરામણી એટલે દ્રવ્ય, વસ્ત્ર, પશુ, ધાતુ, જમીન, વિગેરે ભેટ તરીકે પણ આપતા અને જો કન્યાનો બાપ સમૃદ્ધિહીન એટલે કે ગરીબ હોય તો કન્યાદાન ઉપરાંત કંકુ એટલે શુભ આશીષ દેતા; જેને માટે આધુનિક કાળમાં કંકુ અને કન્યા આપી એમ કહેવાય છે. હાલના સમયની માફક કન્યાનું વેચાણ થતું નહોતું, પરન્તુ લગ્ન થયા બાદ જરૂરના પ્રસંગે કન્યાના....બાપને જમાઇને ઘેર પ્રસંગોપાત જવું પડતું તો જામાતૃના ઘરનું તો શું પણ તેના કુટુંબી, સગાના ઘરનું તેમજ તેના ગામનું ભોજન અને જળપાન કરવામાં મોટું પાપ ગણતા. આવું નીતિયુક્ત વર્તન તે સમયના લોકોમાં હતું.

જનક રાજા જ્યારે અયોધ્યા નગરીમાં શ્રી રામચંદ્રજીને મળવા પધાર્યા હતા ત્યારે તેઓએ પોતાને જરૂર પડતી દરેકે દરેક ચીજની સગવડ પોતે કરી લીધી હતી. તેનું વર્ણન મહાત્મા તુળસીદાસે પોતાના રામાયણમાં સવિસ્તાર આબેહુબ આપેલું છે, જે ખરેખર પ્રશંસનીય અને કન્યાવિક્રય કરનાર અધમોને મનન કરવા યોગ્ય છે. આ ઉપરથી સિધ્ધ થાય છે કે તે વખતમાં દીકરીનો પૈસો લેવામાં આવતો નહોતો.

પ્રાચીન કાળમાં આધુનિક સમયની માફક ઢીંગલા ઢીંગલીની રમત પ્રમાણે બચપણમાં લગ્ન કરવાનો રિવાજ નહોતો. તે સમયમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ જાતિને ઉપવિતસંસ્કાર દેવાની રીત હતી. તેથી દીકરા તેમજ દીકરીઓને જનોઈ દીધા બાદ બ્રહ્મચર્ય વ્રત પળાવી ગુરૂ કુળમાં મોકલી વિદ્યા ભણાવતા. પુરૂષની લગ્ન માટેની ઉમ્મર પચીસ વર્ષની ગણાતી અને કન્યાઓની લગ્ન માટેની ઉમ્મર સોળ વર્ષની યોગ્ય લેખાતી, ઉપરાંત તે અરસામાં વ-ર્તમાન સમયની માફક લગ્ન કરવાનો સંપૂર્ણ હક્ક મા-બાપનો નહોતો.

પ્રાચીન આર્યોમાં મનુષ્ય જાતના તેમના ક-ર્તવ્ય અનુ-સાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવી રીતે ચાર

વર્ણ હતી. બ્રાહ્મણો ચારે વર્ણમાં શ્રેષ્ઠ ગણતા હોવા છતાં ચારે વર્ણમાંથી કન્યાઓ લેતા. અને તેવીજ રીતે ક્ષત્રિ, વૈશ્ય અને શૂદ્રમાં હતું. મતલબ કે તે જમાનામાં હાલના સમયની માફક જ્ઞાતિ બંધારણ બીલકુલ નહોતું:

ઉદ્દાલક ઋષિએ અયોધ્યાના રઘુરાજાની પુત્રી અને પરાશર ઋષિએ મત્સ્યગંધા નામની શૂદ્ર માછણની સાથે લગ્ન કરેલું છે. એ કન્યા દ્વારા ઉત્પન્ન થયેલા પુત્રો પણ બ્રાહ્મણજ લેખાતા, તે આપણાં શાસ્ત્રોથી સિદ્ધ થાય છે. વળી તે સમયમાં હાલના સમયની માફક જન્મથીજ જે જ્ઞાતિમાં અવતરે તેજ જ્ઞાતિમાં ગમે તેટલી યોગ્યતા પ્રાપ્ત કર્યા છતાં જડાઇ રહે એમ નહોતું આજે તો ઢેડ જ્ઞાતિમાં જન્મેલો ઢેડજ ગણાય છે, અને બ્રાહ્મણની જ્ઞાતિમાં જન્મેલ શૂદ્રના કૃત્યવાળો બ્રાહ્મણ ગણાય છે. તે કાળે જ્ઞાન અને વૈરાગ્ય વિગેરે યોગ્યતા સંપાદન કર્યા બાદ ભલેને પછી તે શુદ્ર હોય તો પણ, તેનો બ્રાહ્મણ તરીકે ' સ્વીકાર-સત્કાર થતો હતો. અને તે એક બ્રાહ્મણજ લેખાતો તાત્પર્ય એજ કે તે વખતમાં વિદ્યા એજ ઉચ્ચ કુળ અને જાતિ લેખાતી, અને વિદ્યાવાળો ઉંચી પંક્તિમાં દાખલ થઇ શકતો હતો. એ પંક્તિમાંની કન્યા પણ તેને મળતી એ વખતની કન્યાઓ પણ પોતે વિદુષી હતી, તેથી તે પોતાની ખુશીથી ઋષિ મુનિઓ અને માબાપોની અનુમતિ લીધા બાદ

પાણિગ્રહણ કરતી મતલબ કે સમયમાં માત્ર યોગ્ય-તાજ લેખાતી હતી આજની માફક મોરનાં પીછાં ઘાલી મોર હોવાનો ખોટો દાવો કરનાર કાગડાઓના જેવા, અજ્ઞાનમાં ડુબેલા આપણા અશિક્ષિત અધમોની પેઠે બાપના નામે રળી ખાવાની અને કુળવાનમાં ખપી જવાની તે કાળે કોઈની તાકાત વહોતી.

कुलाना मा करो नास्ति हय कुलानांच भारत
विद्या तपसा वापि धने ता धार्य कुलं ! !

અર્થઃ—શ્રી કૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે હે અર્જુન! કુળની કોઈ ખાણ હોતી નથી. પણ કુળ છે તે વિદ્યા, તપ અને ધનથી ઉત્પન્ન થાય છે.

એક માણસ તેની ઉમ્મરમાં વાઘનો શિકાર કરવામાં કુશળતા મેળવ્યાથી વાઘમાર કહેવાયો અને તેની પાછળ તેનો પુત્ર એક બિલાડીથી થરથર કંપતો હોય અને જો તે તેના બાપની બહાદુરીથી બણગા ફુંકી પોતાને વાઘ-માર કહેવરાવતો હોય તો કયો બુધ્ધિમાન્ તેની તે મૂર્ખ કુલાભિમાનીનો સ્વીકાર કરશે?

હાલના સમયમાં જ્ઞાતિના અર્થનો તદ્દન અનર્થજ થયેલો જણાય છે. જ્ઞાતિ એ કાંઇ ઈશ્વર પ્રણિત નથી. પરન્તુ કામ વિભાગે કરીને તે બનેલી છે ચાર ભાઈનું

એક કુટુંબ હોય જેમાંથી એક કુટુંબના ભરણપોષણ માટે ધાન્ય પકવવાની વ્યવસ્થામાં રોકાયો જેથી તે ખેડુત કહેવાયો. બીજો તેજ કુટુંબને કેળવણી આપવામાં રોકાયો, તો તે શિક્ષક કહેવાયો, એટલે કે ગુરૂ કહેવાયો. ત્રીજો રાજા રજવાડામાં આગળ પડતો ભાગ લેવામાં જોડાયો તો તે દરબારી કહેવાયો. ચોથો કુટુંબની રખવાળી કરવામાં રોકાયો જેથી તે રખેવાળ કહેવાયો. પરન્તુ તે જુદા જુદા કુટુંબના છે એમ કોઇ પણ નહિં કહી શકે. તેવીજ રીતે પ્રાચીન સમયના બુદ્ધિમાન પુરૂષોએ પોતાના વ્યવહારની સુવ્યવસ્થા જાળવવાને માટેજ કામની વહેંચણીથી જુદી જુદી ચાર જ્ઞાતિઓ સ્થાપી એ વિશાળ ક્ષેત્રમાંથી પોતાને મન પસંદ કન્યાઓ પરણતા તેજ પ્રમાણે સ્ત્રીઓએ સ્વયંવર રચીને બળ અને વિદ્યાની પરિક્ષા કરીને પુરૂષ સાથે વરવાની રીત રાખી હતી એથી તેમનો જન્મારો સુખમાં જતો હતો. હાલના વખતમાં આર્યાવર્ત્તમાં કુસંપે પ્રવેશ કર્યો છે જેથી તેઓમાં ટુટ પડી અને ચાર જ્ઞાતિની અઢાર જ્ઞાતિ થઇ. વળી આ અઢાર જ્ઞાતિઓ અગણિત પેટા જ્ઞાતિઓમાં વહેંચાતી જાય છે. આથી વરકન્યા શોધવાનું ક્ષેત્ર બહુ સંકુચિત થઈ ગયું ને તેથી સુપાત્રોની તાણ પડવા લાગી. પ્રાચીન કાળમાં એક જ્ઞાતિમાંથી બીજી જ્ઞાતિમાં જવાની છૂટ હતી, એટલે કે તે બાબતનો કોઈ પણ પ્રકારે પ્રતિબંધ નહોતો.

જુના જમાનામાં આગળ વર્ણવ્યા મુજબ માત્ર યોગ્યતાની કીંમત લેખાતી હતી. હાલ ગણાતા અધમ શુદ્રમાંથી પણ ઉચ્ચ બ્રાહ્મણની પંક્તિએ યોગ્યતા મેળવ્યા પછી શુદ્રો ઉચ્ચ જ્ઞાતિમાં પ્રવેશ કરી શકતા હતા. વાલ્મિક ઋષિ જાતે ભીલ હતા, પણ વિદ્યા સંપાદન કરીને ઉચ્ચ પંક્તિમાં દાખલ થયેલા છે એ કોણથી અણજાણ્યું છે ?

મનુભગવાને બ્રાહ્મણોને ક્ષત્રીય, વૈશ્ય અને શુદ્રને સ્વધર્મ અને સદ્ધર્મનો બોધ આપી સુમાર્ગે ચઢાવવાનું કામ સોંપેલું છે, એટલુંજ નહિં પણ રાજાસુધીને પણ શાસન કરવાની સત્તા બ્રાહ્મણો[1]ને સોંપેલી છે. પ્રાચીન વીર રત્નોનાં પરાક્રમ જુઓઃ—

(ધનાશ્રી.)

[2]વીર પુરૂષ તે કયાં છે, ભાઈ વીર પુરૂષ તે કયાં છે? (ટેક.)
મદમાતા ક્ષત્રીય સંહાર્યા, પરશુરામ તે કયાં છે? ભાઇ.
નિઃશંક પાપી રાક્ષસ રોળ્યો, રામચંદ્ર તે કયાં છે? ભાઇ.
કંસ શિશુપાળ મુરાદિ માર્યા, વસુદેવસુત તે કયાં છે? ભાઈ.
કપટી બળીઆ કોરવ છેદયા, કૃષ્ણાર્જુન ભીમ તે કયાં છે? ભાઈ.

---

૧ જટા વધારવાથી, ઉચ્ચ કુળમાં પેદા થવાંથી અગર જન્મ સંસ્કારથી મનુષ્ય બ્રાહ્મણ થતો નથી; જે સત્યાચારી અને સાચો છે તેજ સુખી છે, તેજ બ્રાહ્મણ છે. ૨ કવિ નર્મદાશંકર.

પરદેશી શક યવનો જીત્યા, નૃપ વિક્રમ તે ક્યાં છે ? ભાઈ.
છે તે સંધા અહીં પણ કહે છે, સંપ જનોમાં ક્યાં છે ? ભાઈ.
સંપ શૌર્ય જ્યાં જનમાં સોહે, વીર પુરૂષ તે ત્યાં છે. ભાઈ.

આજના કહેવાતા આપણા ભૂદેવો તેજ મહારથીઓની પ્રજા છે, જે આજે ક્રિયાહીન, ધર્મહીન, કર્મહીન, આચારહીન થઈ પડયા છે અને અક્ષરશૂન્ય રહી સડયા કરે છે. આજ આપણા ભૂદેવોની સ્થિતિ કેવી છે તે આપણે નીચેની લાવણીમાં સચોટ જોઇ શકીશું.

(લાવણી.)

[1]વેદઘોષ જ્યાં થતો અહરનિશ, ધર્મધ્યાનમાં જે રહેતા,
તે ભૂદેવો આજ મસ્ત થઇ, ઘરોઘર રહે છે ભમતા.
ધર્મધ્વજાને ધારણ કરીને, સહુ રાખતા શુભ ધર્મ,
ધર્મધ્યાનથી નષ્ટ થઇને, ભ્રષ્ટ થયા ક્રિયા કર્મ.
ભીખ માગવી કરવું કાસીદું, કાં જઇને કરવી ખેતી,
ભણવું ગણવું છાંડી બેઠા, શરમ નથી કો'થી રે'તી.
જમવા માટે કરે લડાઇઓ, તડ પાડી નાંખે ટંટા,
એક ન્યાતમાં ઘાત કરીને, કુટુંબ ઘર નાખે ફાંટા.
ગજીયલ વસ્ત્ર ગમે તો પે'રે, ઘરમાં ઘાલે ગમે તુરક,
ચોટલી કાઢી ઝુલ્ફાં રાખે, કશી બાતે નહીં કરે ફરક.

૧—કન્યાવિક્રયની ક્રૂરતા.

કાળી બીંદી કરે કપાળે, ભાવર જેવી બાંધે પાઘ,
કર્મ કરે એવા ભૂદેવો, ન્યાત જાતને લાગે દાઘ.
દીકરી વેચી દામ સંઘરે, ગમે તેમ આચાર કરે,
કો' નથી કે'તું મુખથી કો'ને અનાચાર આરંભ કરે.
પક્ષપાતી થઇ ગયા પટેલો, અભિમાન બેઠા છાંડી,
માથે ઓઢી આંખો મીંચી, મુનિવૃત બેઠા માંડી.

બન્ધુઓ ! આપ સર્વેને વિદિતજ છે કે ઉપર વિવેચન કર્યા મુજબ પહેલાં માત્ર ચારજ જાતિ હતી, પરન્તુ કજીઆ, કુસંપથી દરેક જ્ઞાતિમાં અસંખ્ય ફાંટાઓ પડી ગયા. ટુંક જ્ઞાતિ હાનિકારક છે માટે સલાહસંપથી જ્ઞાતિનું ઝુંડ એકજ રાખવામાં આવે તો આપણું સર્વ પ્રકારે શ્રેય થશેજ એ નિઃસંદેહ છે.–કાળક્રમે હુંપદ અને અભિમાનને લીધે જ્ઞાતિમાં તડો પડવા લાગ્યાં, જેથી કરીને જ્ઞાતિ ટુંકી થતી ગઇ. એ તો નિયમ છે કે ટુંકી જ્ઞાતિમાં વસ્તી પણ ટુંકીજ હોવી જોઇએ. વળી હુંપદને લીધે ધનવાન અને શિક્ષિતવર્ગ નીચી પાયરીના વર્ગને પોતાથી હલકો ગણવા લાગ્યા, અને એક બીજાની કન્યા લેવા દેવામાં પ્રતિબંધ સ્થપાયો. તેથી કરીને આજની ગણાતી ઉચ્ચ જ્ઞાતિઓમાં કન્યાઓની અછત વધી પડી. તેમ પણ અધમ વૃત્તિવાળા કેટલાકો ગરજનો લાભ લેઇ છાની ગોષ્ટિથી કન્યાવિક્રય જેવું અધમાધમ કૃત્ય કરવા લાગ્યા. પરિણામે

આ દુષ્ટ રિવાજ કેટલીક જ્ઞાતિમાં તો જાહેર રિવાજ તરીકે લેખાયો.

વાંચકો! આપણા મૂળ વિષય તરફ નજર દોડાવીએ કન્યાવિક્રયના દુષ્ટ રિવાજને જન્મ આપનાર કયાં કારણો છે તે આપણે તપાસીએ.

સૃષ્ટિ ઉપરનાં સર્વ મનુષ્ય પોતાની મતિઅનુસાર સુખનાં સાધનો શોધવામાં મચ્યાં રહે છે. કારણ સુખ દરેક જણને પ્રિયતર હોય છે. કેટલાક પૈસા પેદા કરી પેટે પાટા બાંધી તેનો સંગ્રહ કરવામાં સુખ માની લે છે. આવી વૃત્તિવાળાઓમાંના કેટલાકતો પોતાના કુમળા બાળકોને વેચીને પૈસાની પ્રાપ્તિ કરવાને ચૂકતા નથી. આવું નીચ સુખ શોધી તેને ઉત્તમ સુખ માનનાર વૃત્તિવાળાઓજ આ અધમોધમ રિવાજનો પાયો નાંખનાર છે, એમ આપણે માનીએ તો તેમાં શું ખોટું કહેવાય?

હરામ હાડકાંને લીધે ધંધો રોજગાર નહિં સુઝવાથી નિર્ધનાવસ્થામાં કેટલાકો જઈ પૂગ્યા છે, જેમાંના કેટલાક પૈસાની પ્રાપ્તિ અર્થે પોતાનાં પ્રિય બાળકોને વેચતાં પણ લેશ માત્ર આચકો ખાતાં નથી.

અનેક વિષમ કારણોને લીધે આજે આપણા દેશમાં દ્રવ્યપ્રાપ્તિનાં સાધનો સંકુચિત થયાં, કેટલાકો છેક નિરા-

ધાર થયા. અન્ન અને દાંતને વેર બંધાયાં. આવામાંથી કેટલાકોએ પોતાની આજીવિકાનો નિર્વાહ ચલાવવા માટે અને સાંસારિક વ્યવહાર નિભાવવાને કાજે જોઇતા પૈસાની તંગી દેખી મનુષ્ય વેચાણની નીચ વૃત્તિથી સંસાર આગળ ધકેલવાને જરૂર પડતા પૈસાનો અદ્ભુત ખજાનો નામે કન્યાવિક્રય શોધી કહાડયો.

આગળના વખતમાં જેઓ શ્રીસંત હતા તેઓ પછાડીનો વિચાર કર્યા સિવાય અઢળક ધનનો વ્યય કરતા હતા. જેથી તે ખર્ચાળ રીતિ વંશપરંપરા વારસામાં ઉતરી આવતી હોવાથી–ભલેને પછી શ્રીમંતાઈ હોય કે ગરીબાઇ હોય–અદ્યાપિપર્યંત ગાડરીઆ પ્રવાહની માફક આપણી સન્મુખ આપણે જોઇએ છીએ. આપણા આર્યદેશમાં હવે દરેક વાતની તંગી પડી છે, એ સર્વ કોઇ કબુલ કરશે. અને આ દુઃખદાયક સર્વે વાતની તંગીને લીધેજ કેટલાક આર્યબન્ધુઓમાં કાંઇક સુચેતન આવવા પામ્યું છે. આ ચાલતી આવેલી રૂઢીને સમય ઓળખી દૂર કરવાને મારા સ્વદેશી બન્ધુઓ ખોટે નાદે ચઢી રૂઢીદેવીને તૃપ્ત કરવા ખર્ચાળુ બની બેઠા છે. આ ખર્ચાળ રીતિ વખતે વખતે બિચારી ગાય જેવી રાંકડી કન્યાઓનાં ગળાંઉપર કારમી છુરી ચલાવવાને કન્યાવિક્રયના હિમાયતીઓને હદ્દ ઉપરાંત ઉશ્કેરે છે.

કન્યા કોઈ પણ પ્રકારની વિપત્તિમાં આવી પડે કે વૈધવ્ય અવસ્થાને પ્રાપ્ત થાય તે સમયે ઉપયોગી થાય એવા હેતુથી અમુક રકમનું પલ્લું લેઇ એક ત્રાહિત જગોએ રાખવું અને તે સ્ત્રીધન એટલે કે કન્યાનુંજ ધન કહેવાય. તેના ઉપર માત્ર કન્યાનોજ હક્ક રહેતો. આવો ચાલ પ્રથમના વૃદ્ધ પુરૂષોએ ઘણા ઉંડા અને આગમચેતી વિચારોથી દીકરીઓના સુખને માટેજ કર્યો હશે. પણ પાછળથી તેમની મૂર્ખ અને અર્થનો અનર્થ કરનાર પ્રજાએ મનમાનતા પૈસા લેવા માંડયા. ઘેર દિકરી અવતરી કે પાધરાં દેવના ઘરનાં દુંદુભિ નગારાં વાગે અને ઘેર કેસરીઆ કંસાર રંધાય! આ બધું કરવાનું મૂળ પ્રયોજન એજ કે દિકરીને ઉછેરી ભરબજારમાં મનમાનતા પૈસા આપનારને પછી ભલેને મરણ પથારીએ પડેલ બુઢ્ઢણજી હોય તેને વેચી દેવાનીજ.

આગળના ધર્માચાર્યો અને આજના ધર્માચાર્યો વચ્ચે આસમાન જમીનનો તફાવત છે. કન્યાવિક્રયનો દુષ્ટ રિવાજ હાલના કહેવાતા ધર્માચાર્યોએ અને ખસુસતઃ આજના ભૂદેવોએ માત્ર તેઓના પોતાનાજ ગુજરાનાર્થેજ ઘુસાડી દીધો છે. અફસોસ! કે આજે ધર્માચાર્યોમાંનો એક પણ બિચારી કુમારિકાઓનાં દુ:ખમાં ભાગ લેવાને જરા પણ પ્રયત્ન કરતો નથી. એટલુંજ નહિં પણ આ રાક્ષસી રિવા-

જને અટકાવવાને બદલે પોતાના ધર્મ પુસ્તકોમાં તે રિવાજને પુષ્ટિ આપનાર કૃત્રિમ વાકયો છપાવી કહાડયાં છે.

कार्ये वैवाहिके स्वस्यान्यस्य वाप्येधनस्यतु ॥
भाषाबंधो न कर्तव्यः ससाक्ष्यं लेखमंतरा ॥

શિક્ષાપત્રી.

અર્થઃ—અમારા ચેલાઓએ પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કામ, તેમાં આપવા જેવું જે ધન, તેનું સાક્ષી સહિત લખાણ કર્યા સિવાય, માત્ર બોલથીજ પ્રસંગ પાડવો નહિ.

કદાચ આવાં વાકયોને બદલે જો તેમણે એકાદ પણ એવું વાકય દાખલ કર્યું હોત કે અમારા સત્સંગીઓએ કન્યાવિક્રયને અતિશય નિષેધ ગણવું, કન્યા દ્રવ્ય લેનાર રૈરવ નર્કના અધિકારી થાય છે, ઢીંગલા ઢીંગલીની માફક વરકન્યાનું જોડું જોડવું નહિં, તો આજે આવું હદ ઉપરાંત જુલ્મી કાર્ય થઈ શકવા પામત નહિ.

અસલ નીચે પ્રમાણેના ધોરણોએ કન્યાદાન અપાતું હતું. કન્યા આપ્યા બદલ વરને પહેરામણી ન અપાય તો કંકુને કન્યા એટલે મફત કન્યાદાન આપતા. બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્ય એ ત્રણ જાતિને જનોઈનો સંસ્કાર દેવાની રીત હતી જેથી એઓને જનોઈ દીધા પછી, બ્રહ્મચર્ય પળાવી,

વિદ્યા ભણાવતા અને પછી યોગ્ય ઉમ્મરે પરણાવતા. પુત્રીનો બાપ છોકરાના બાપ કનેથી કાંઇ પણ ખાવા દેતો નહિ. એટલુંજ નહીં પણ તેના ઘરનું, સગાનું કે વખતે ગામનું પાણી સરખું પણ પીતો નહિં. સ્ત્રીએ પુરૂષ સાથે અને પોતાનાં સગાં સહોદર સાથે કેવી રીતે વર્તવું અને પોતાનો ઘરવ્યવહાર કેવી રીતે ચલાવવો તથા પુરૂષે સ્ત્રી સાથે કેવી રીતે વર્તન રાખવું અને પોતે કઇ કઈ ફરજો બજાવવી એ બાબત દેવ આદિની રૂબરૂમાં પ્રતિજ્ઞાઓ લેવરાવતા અને તે પ્રતિજ્ઞાઓના ભાવ તે વખતે સંસ્કૃત ભાષા હોવાથી તથા સ્ત્રી પુરૂષો પોતે ભણેલાં હોવાના કારણે અને યોગ્ય ઉમ્મરે લગ્ન થતાં હોવાથી યથાર્થ સમજતાં હતાં.

હાલમાં ઉપર જણાવ્યા મુજબમાંથી કાંઈ પણ જણાતું નથી. અને પરણવું તે શું ? સ્ત્રી પુરૂષના ધર્મ કેવા છે? તેઓએ અરસપરસ કેવી રીતે વર્ત્તન રાખવું ? સ્ત્રી પુરૂષોના નીતિધર્મ કયા ? સ્ત્રીપુરૂષને પરમાત્માએ શા માટે ઉત્પન્ન કર્યાં છે ? અને તેમના પરસ્પર વિનિયોગથી કેવાં ફળ પ્રાપ્ત થાય છે? વગેરે વગેરે બાબતથી હાલનાં સ્ત્રી પુરૂષો તદ્દન અજાણ હોવાથી પરસ્પર આખી જીંદગી સુધી અતિ દુઃખ પામે છે.

बालादपि सुभाषितं ग्राह्यं ।

નીતિશાસ્ત્ર.

અર્થ:—બાળક પાસેથી પણ સારાં વચન—બોધવચન લેવાં.

જ્યાં નીતિશાસ્ત્રનું ફરમાન આવું છે તો આથી ઉલટી રીતે ચાલનારને અનીતિવાન કહેવામાં કાંઇ પણ દોષ નજરે પડતો નથી. જેઓ સારા, સુધર્મી અને પરોપકારી છે તેઓ તો ખસુસતઃ આ ઝેરી રસ્તા તરફ જવા નજર સરખી પણ ફેંકતા નથી. પણ તે રસ્તે વળનાર ઘાતકીઓને તે તરફ જવામાં કેટલી અને કેવી વિટંબણાઓ વેઠવી પડે છે તે સમજાવી યોગ્ય રસ્તે ચઢાવે છે.

માણસે કુંવારા રહેવું એ સારૂં નથી. મનુષ્યની મન વર્તવાની શક્તિ અને તેનો મળતાવડો સ્વભાવ બતાવી આપે છે કે લગ્ન એક ઇશ્વરી ફરમાન છે. અને તે મનુષ્યજાતિની પૂર્ણ તથા તેના નિરંતરના કાયમપણા માટે નિર્માણ કરેલું છે. કુદરતના કાયદા જાહેર છે કે સ્ત્રી પુરૂષો શારીરિક સ્થિતિમાં, બુદ્ધિમાં અને નીતિમાં એક બીજાને બરોબર અનુકૂળ છે. દેશસ્થિતિના જ્ઞાનઉપરથી સિદ્ધ થાય છે કે વગર પરણેલા પુરૂષો કરતાં પરણેલાઓ વધારે આયુષ્ય ભોગવે છે. અને તે ઉપરથી સિદ્ધાંત નીકળે છે કે લગ્ન એ એક કુદરતના કાયદાને અનુસરતું છે.

पत्नीं मनोरमां देहि मनोवृत्तानुसारिणीं ।
तारिणीं दूर्ग संसार-सागरस्य कुलोद्भवाम् ॥

પરણવું એ પ્રભુતામાં પગલાં માંડવા એમ ટવિનું કહેવું છે. અને આપણો લગ્નવિધિ, લગ્નનો ઉદ્દેશ જોતાં એ વાક્ય સત્ય લાગે છે. પરન્તુ લગ્નવિધિ ગમે તેટલો ગંભીર હોય–પવિત્ર હોય, લગ્નના ઉદ્દેશ ગમે તેટલા ઉન્નત હોય, પણ જ્યાંસુધી ઉપરના ભગવદ્ભક્ત માગે છે તેમ પત્ની મનોરમા નહોય, મનની વૃત્તિ સમજનારી નહોય ને અગાધ સંસાર સાગર તરાવી જનાર હોટી ન હોય, ત્યાંસુધી એ લગ્ન પ્રભુતામાં પગલાં પાડવાં ન કહેવાય. પ્રભુતા માટે પત્નીમાં ઉન્નત ગુણોનો વિકાસ કરાવવો, એ પુરૂષોના હાથમાં છે. અને તે પુરૂષોનું કર્ત્તવ્ય છે. આ ગુણોનો વિકાસ થતાં, લગ્નની પવિત્રતા, ગંભીરતા સમજાતાં, ગુલામડીઓ મનાતી આપણી સ્રીઓ ગૃહદેવીઓ થશે. પ્રત્યેક ગૃહ મંદિર રૂપ બની જશે અને આ મંદિરમાંથી ગવાતાં કીર્ત્તનો–પ્રભુ પ્રેમનાં સ્તોત્રો–શાન્તિપાઠો જગત્‌નો ઉદ્ધાર કરશે.

લગ્નનું આ રહસ્ય આપણામાંથી કેટલાં સમજે છે? સમજે છે તેમાંથી તે પ્રમાણે કેટલાં વર્તે છે? માત્ર ગણ્યાં ગાંઠ્યાંજ.

વાંચકવૃંદ! તમારા પુત્ર કે પુત્રીનાં લગ્ન કરો તે પહેલાં એટલું વિચારજો કે આપણી પુત્રવધુ કે આપણી પુત્રી મનોરમા, મનોવૃત્તાનુસારિણી, સંસાર સાગરની તારિણી

અને કુલોર્ભુવા છે કે કેમ? જો આટલું હશે તોજ લગ્નનો આનંદ ચિરસ્થાયી રહેશે નહીં, તો God of honeymoon is God no more. લગ્નની પ્રભુતા, લગ્નનો પ્રેમ, લગ્ન થયા પછી રહેતો નથી, એવી રીતનું થશે.

આ સંસારને સુખધામ કરવાનો પ્રતાપ કોનો છે? જેનાં ખોળામાં રામ, કૃષ્ણ, અર્જુન અને ભિષ્મજેવારમ્યા હતા, વાલ્મિકિ, વિશ્વામિત્ર, વ્યાસ, પતંજલિ અને મનુસમાન બુધ્ધિમાન્ અને પરોપકારી ઋષિ મહર્ષિઓએ નિર્દોષપણાથીજ–બાળપણામાંથીજ સંસ્કારી માતાઓના સંસ્કારો ગૃહણ કર્યા હતા. મહાત્મા બુદ્ધ, શંકર, જીસસ ક્રાઈસ્ટ, મહમદ પેગંબર, નાનક, કબીર, સ્વામી દયાનંદ આદિ ધર્મવીરો કે જેમણે તમને સ્વર્ગ પ્રાપ્ત કરવાનો ઉપદેશ કર્યો તેમને સ્ત્રીઓએજ જન્મ આપ્યો હતો. જેથી આ સંસારને સુખધામ કરવાનો પ્રતાપ સ્ત્રીઓનોજ છે એ નિઃસંદેહ છે. અને સર્વ સુખધામના ચિત્રોનો પ્રતાપ સ્ત્રીઓનોજ છે.

જે કુટુંબમાં અગર ગૃહમાં સ્ત્રીઓ હંમેશાં આંસુનો વરસાદ વરસાવે છે ત્યાં ઇશ્વરની અવકૃપા ઉતરે છે. જ્યાં સ્ત્રીઓ પ્રેમમયી અને સુખી હોય છે ત્યાંજ સ્વર્ગનો આનંદ છે.

એક કવિનું કહેવું છે કે લગ્ન માતાપિતાની મરજી પ્રમાણે નહિં પણ પુત્રપુત્રીઓની ઇચ્છાનુસાર થવાં જોઇએ, અને તેમાં માબાપે તો માત્ર સલાહકાર તરીકેજ વર્ત્તવું જોઇએ. કારણ કે,

પ્રીતિ વિનાનાં લગ્ન તે, પરિણામે લાવે વિઘ્ન,
પ્રીતિ સાથનાં લગ્ન રાખે, દમ્પતિને પ્રસન્ન.
માટે માની મુજ વચન, સ્નેહે સર્વે સજ્જન,
પરણાવો સંતતિને જ્યાં હોય તેમનું મન.
તે આડે ન લાવો કાંઇ અડચણ,
પણ આપો ઉત્તેજન.

પત્ની પતિઉપર પ્રીતિ ધરે છે. સર્વ જનોમાં પત્ની એજ મિત્ર છે. મિત્રતા કરવાને માટેજ પત્ની પરણે છે. પતિ અને પત્નીથી એક પ્રભુની ભક્તિનું આખું ફળ ગ્રહણ કરી શકાય છે. દમ્પતિ વિના આરાધનનાં કાર્યો થઇ શકતાં નથી, અને બન્ને હોય તોજ તેકામ સફળ થયેલું ગણાય છે.

[1] જોડીવિણ જન્મ વૃથા જગ જાણ,
પુષ્પ જેમ સુગંધી વિણ પરમાણ.

---

૧ મરહુમ સાક્ષર ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરી.

વિકટ વાટ સંસારતણી ત્યાં સુખનો એક વિશ્રામરે,
ભવજંગલમાં મંગળરૂપે જોડી છે જળધામરે.
દેતું દયાનિધિ, દયા કરીને, જુગતી જોડીનું દાન
સકળ સુખખાણુ..............................જોડી૦

લગ્ન કરવાનાં મૂળ કારણો અને તેની જોખમદારીઓ શું છે તે જાણવું મુશ્કેલ નથી. જેમ વિજળી પેદા કરવાને પોઝીટીવ અને નેગેટીવ એવા બે જુદા જુદા પોલની જરૂર હોય છે તેમ સ્ત્રીપુરૂષમાં અરસપરસનું દૈહિક ખેંચાણ કરવાને અને હેત રાખવાને એકમાં કઠોરતા તો બીજામાં કોમળતા, એકમાં માનસિક ગુણ તો બીજામાં અંતઃકરણની તીક્ષ્ણ લાગણી, એકનું સૂક્ષ્મ શરીર અનેક વિકારોથી ભરપૂર તો બીજાનું પવિત્રતાથી, સદ્‌ગુણોથી પ્રસરી રહેલું હોવું જોઇએ. એક કવિએ લખ્યું છે કેઃ—

A perfect marriage is a perfect fuision and interblending of two distinct individualities into one.

લગ્ન કરવું તે વિચારીનેજ કરવાનું છે. તેમાં મુખ્યત્વે કરીને કન્યાઓના લગ્ન વખતે તો ઘણોજ વિચાર કરવાનો છે. કારણ જેમ રીંગણીપર જરા સરખું પણ હીમ પડવું બસ છે તેમ પ્રેમવિનાનાં જોડાંને વેઠવું પડે છે. ગિરિધરે લખ્યું છે કેઃ—

બિના બિચારે જો કરે સૌ પાછે પછિતાય,
કામ બિગારે આપનો જગમાં હોત હસાય.
જગમાં હોત હસાય ચિત્તને ચૈન ન પાવે,
ખાનપાન સન્માન રાગરંગ મનહીં ન આવે.
કહુ ગિરિધર કવિરાય દુઃખ કછુ હરત ન હારે,
ખટકત હે દીલમાંહી કીયો જો બિના બિચારે.

माता यदि विषं दद्यात् विक्रीयाति पिता सुतं।
राजा हरति सर्वस्वं तत्र का परिदेवना ॥

અર્થ:—માતા પોતાના બાળકને વિષપાન કરાવે, બાપ છોકરાંને વેચે, રાજા બધું લુંટી લે, તો તેની ફરીયાદ કયાં જઈ કરવી ?

મહાત્માશ્રી મનુ ભગવાને આઠ પ્રકારનાં લગ્ન દર્શાવેલાં છે તે નીચે પ્રમાણે:—

ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथासुरः
गांधर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमोधमः

अ. ३, श्लोक २१.

અર્થ:—બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ અને આઠમો અધમ પિશાચ વિવાહ. આ આઠ પ્રકારના વિવાહ શાસ્ત્રમાં કહ્યા છે.

आच्छाद्य चार्चयित्वा च श्रुतिशीलवते स्वयम् ।
आहूय दानं कन्याया ब्राह्मो धर्मः प्रकीर्तितः ॥
अ. ३, श्लोक २७

"વેદશાસ્ત્રસંપન્ન તથા સદાચારવાળા વરને કન્યાનો બાપ પોતે બોલાવી વર તથા કન્યાને વસ્ત્રો પહેરાવી, ઘરેણાંથી બન્નેનો સત્કાર કરીને, વરને કન્યાનું દાન કરે છે, તે બ્રાહ્મ વિવાહ કહેવાય છે."

यज्ञे तु वितते सम्यगृत्विजे कर्म कुर्वते ।
अलंकृत्य सुतादानं दैवं धर्मं प्रचक्षते ॥२८॥

"જ્યોતિષ્ટોમ વગેરે વિસ્તારવાળા યજ્ઞમાં ઋત્વિજનું કર્મ કરનારા બ્રાહ્મણને આભૂષણોથી કન્યાને શણગારીને તેનું જે દાન કરવામાં આવે છે, તે દૈવ વિવાહ કહેવાય છે."

एकं गोमिथुनं द्वे वा वरादादायधर्मतः ।
कन्याप्रदानं विधिवदार्षो धर्मः स उच्यते ॥२९॥

"ધર્મશાસ્ત્રમાં કહેવા પ્રમાણે એક ગાય અને બળદ અથવા તો બે ગાયને બે બળદ વરની પાસેથી લઇને વિધિ પ્રમાણે તેને કન્યાદાન કરવામાં આવે છે તે આર્ષ વિવાહ કહેવાય છે."

स्त्रीधनानि तुये मोहादुपजीवंति बांधवा ।

नारीया ना नि वस्त्रं वा ते पापात्यांत्यधो गतिम् ॥

અર્થઃ--જેઓ મૂર્ખાઇથી સ્ત્રીધન ઉપર આજીવિકા ચલાવે છે તે પાપી માણુસો નર્કમાં જાય છે.

ભાઇઓ ! મનુષ્ય જાત એ ઈશ્વરની બનાવટનું કેવું અમૂલ્ય પ્રાણી છે. અને તેને જો વિદ્યાદાન આપી સન્માર્ગે ચઢાવવામાં આવે તો કેટલી ઉત્કૃષ્ટ સ્થિતિએ પહોંચી શકે ? પરન્તુ તેનું વેચાણ કરવું એ ઘણુંજ નીચ અને હલકટ કર્તવ્ય છે.

કન્યાદાન આપતી વખતે જાહેરમાં સંકલ્પ માત્ર દાનનોજ કરવામાં આવે છે. પણ જો કન્યાના પૈસા લીધામાં આવ્યા હોય તો આવા ઢોંગસોંગથી જનમંડળને છેતરવામાં આવે છે એટલુંજ નહિં પણ તેવીજ રીતે સર્વવ્યાપક પરમાત્માની આજ્ઞા તોડી પાપના ભાગી થાય છે.

કન્યાવિક્રય કરનાર માતપિતાઓ, આપણા શાસ્ત્રોમાં શું કહેલું છે, તેનો લેશ પણ વિચાર નહિં કરતાં મોહાંધ બની ધર્મ, ધર્મને ઠેકાણે રાખી 'પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ' એમ વિચારી પોતાની નિરપરાધી બાળકીને ગળે બુઢાવરરૂપી કાચા સુતરનો માત્ર એકજ તાંતણો બાંધી નજર પહોંચે નહિં તેવા ઉંડા કુવારૂપ સંસારમાં ઉતારે છે. !

ભાઇઓ ! મનુષ્ય જાત બીજી વસ્તુઓ અગર પ્રાણીઓ માફક વેચવા સાટવાની અગર વ્યાપાર ઉદ્યોગની વસ્તુ નથી. દિકરીના પૈસા લેઇ કન્યાદાન કરવામાં આવે તે કન્યાદાન કહેવાયજ નહિં. પૈસા પોતાના ઉપયોગાર્થે લેઈ કન્યાદાન દેવું એ કોઇપણ રીતે દાન કહેવાયજ નહિં એ દાન નહિં પણ વિક્રય એટલે વેચાણજ કહેવાય.

ભારતી માતાના વીર પુત્રો ! કન્યાવિક્રય દુષ્ટ રાક્ષસના જુલ્મથી આપણી કેવી દુર્દશા થઈ છે તે હકીકત ચર્ચાવવા યોગ્ય છે. કારણ તલવારનો ઘા લાગવાથી, વીંછી કરડવાથી અને સર્પ ડંખવાથી કેટલી વેદના થાય છે, તે તેના વ્યાધિના શખ્સને અન્ય મનુષ્યે કહેવાની જરૂર નથી. આ રાક્ષસની આપણા દેશી બન્ધુઓ ઉપર કેવી મહામારી છે ? કેવો કેવો કાળો કેર છે ? કેવો જુલ્મ છે ? તે આપ સર્વની સમજ બહાર તો નથીજ.

ત્રિકાળજ્ઞાની મનુ, પરાશર આદિ મહાન મહર્ષીઓએ કન્યાવિક્રયના પાતકનું યથાર્થ વિવેચન કરી ગયા છે. છતાં આપણા બન્ધુઓ ઉપરટપકે પણ તેના તરફ નજર સરખી દોડાવતા નથી એ શું ઓછી દીલગીરીની વાત કહેવાય ?

કન્યાવિક્રય કરનારાઓ કન્યાવિક્રય કરે છે પણ કન્યાદાનનો ઢોંગ ધારણ કરી ઇશ્વરને ઠગે છે. વારૂ ત્યારે વિચારો જોઇએ કે શ્રેય કેવી રીતે થઇ શકે ? અરે ! કન્યાવિક્રય

કરનાર કન્યાઓના માબાપો ! તમે શા માટે કન્યાદાન દેતી વેળા ખોટો ઢોંગ આદરો છો ? તમે કન્યાનું શુભ ઇચ્છો છો કે તમારા પૈસાના સ્વાર્થનેજ ખાતર ભર બજારમાં સૂર્ય, ચંદ્ર, અગ્નિ આદિ દેવતાઓની સાક્ષી રાખી તેમને છેતરી જાહેર લીલાંઉ કરો છો ? હાય ! આવી ખોટી પ્રતિજ્ઞાઓ કરનાર અધર્મીઓ તમે ઇશ્વરને પણ ઠગો છો. શું તમારી ઠગાઈ અને લુચ્ચાઇ સર્વવ્યાપક પરમાત્માથી છુપાવી શકશો ? જો તેમ હોય તો તમે ખોટી સમજ રાખનાર ઉલ્લુના સરદારોજ હોવા જોઈએ. હવે તમો તમારી જાતેજ વિચારો કે એક ખોટો દસ્તાવેજ બનાવનાર ન્યાયી કોર્ટનો ગુન્હેગાર ગણાય છે, અને ગુન્હો સાબીત થયે તેને શિક્ષા કરવામાં આવે છે. તો અદલ ન્યાયી ઈશ્વર તમને કોણ જાણે કેવી અને કેટલી સજા કરશે ? તે કલ્પી શકાતું નથી. આ ભયથીજ તો જરા ડરો અને કુમળી કન્યાઓનાં ગળાં રેંસવા બંધ કરો.

આપણા પોતાનાજ દેશમાં, આપણી પોતાનીજ રૂબરૂમાં કમકમાટ ઉપજાવે એવી રીતે કન્યાઓનાં સાટાં અને વેચાણ થાય છે, તે વળી અંધારામાં નહિં પણ ધોળે દહાડે, ખૂણે ખોચરે નહિં પણ પાંચ માણસની રૂબરૂમાં. સુધારકો શા માટે અમથી બુમો પાડી રહ્યા છે, શા માટે તેઓ કાંઇપણ બંદોબસ્ત કરી શકતા નથી ?

કન્યાવિક્રયને માન આપનારને શાનો ખેતાબ-ઈલકાબ આપવો જોઇએ? લૂંટારાઓ કહીએ તો પણ તમારે માટે તે શબ્દ છાજતો નથી. કારણ લૂંટારાઓ તો પોતાનાં છોકરાને લૂંટતા નથી. તેમજ કોઇની સાથે જરા સરખી પણ ઓળખાણ પડતાં શરમિંદ બની ગુપચુપ ચાલ્યા જાય છે; અને તમે તો તમારી પુત્રીઓને લૂંટો છો. લૂંટારાઓ તો લૂંટ કર્યા પછી શરમના માર્યા ખુણેખોચરે સંતાતા ફરે છે, પણ તમો નિર્લજ બની સાહુકારનો ઠાઠ રાખી મૂછ ફફડાવતા ફરો છો. ત્યારે તમોને કસાઈનો ખેતાબ પણ આપી શકાય નહિં કારણ તે પોતાના ઉછેરેલા ઢોરને મારતો નથી અને કદાચ ક્રુર બની મારે છે તો પોતાનાં છોકરાંને કદી નહિ પણ તમો તો ગાય જેવી ગણાતી કન્યાઓને ધીમે ધીમે રીબાવી મારો છો. કન્યાવિક્રય કરનાર કસાઇથી પણ અધિકાધિક નીચ છે.

કન્યાવિક્રયનાં ઝેર વિષે હું એકલોજ કહેતો નથી પણ વિદ્વાનો તેમજ પૂજ્ય અને પવિત્ર શાસ્ત્રો અને સ્મૃતિઓ પણ ડીમડીમ્ પોકારીને કહે છે કેઃ—

सहोभौ चरतां धर्ममिति वाचानुभाष्य च ।
कन्याप्रदानमभ्यर्च्य प्राजापत्वो विधिः स्मृतः॥२०॥

કન્યાદાન દેતી વખતે "सहोभौ चरतां धर्मम्" તમે બન્ને સાથે રહીને ધર્માચરણકરો, એવું વચન કહીને વર તથા

કન્યાની પૂજા કરીને વરને કન્યાદાન કરવામાં આવે છે તેને પ્રાજાપત્ય વિવાહ કહે છે,

ज्ञातिभ्यो द्रविणं दत्त्वा कन्यायै चैव शक्तितः ।
कन्याप्रदानं स्वाच्छन्द्यादासुरो धर्म उच्यते ॥३१॥

કન્યાનાં માબાપને અથવાતો તેનાં સગાં વહાલાંને ધન આપીને તથા કન્યાને પણ શક્તિ પ્રમાણે પલ્લાં તરીકે ધન આપીને સ્વછંદપણે (શાસ્ત્રાનુસાર નહિ) કન્યાને પરણાવવામાં આવે છે તે આસુર વિવાહ કહેવાય છે.

इच्छयान्योन्य संयोगः कन्यायाश्च वरस्यच ।
गान्धर्वसतु विज्ञेयो मैथुन्यः काम संभवः ॥३२॥

કન્યા અને વર અન્યોઅન્યની ઇચ્છાથી એક બીજાને પરણે છે તે વિવાહને ગાંધર્વ વિવાહ જાણવો અને તે વિવાહ એક બીજાના ભોગની કામનાથી થાય છે.

हत्वा छित्वाच भित्वाच क्रोशन्तीं रुदतीं गृहात् ।
प्रसह्य कन्यांहरणं राक्षसो विधि रुच्यते ॥३३॥

કન્યાના સંબંધીને મારી નાંખીને, તથા તેઓનું છેદન, ભેદન, કરીને રડતી અને ચીસો પાડતી કન્યાને ઘરમાંથી બળાત્કારે હરણ કરી જવી તે રાક્ષસ વિવાહ કહેવાય છે.

सुप्तांमत्तां प्रमत्तांवा रहो यत्रो पगच्छति ।

सपापिष्ठो विवाहानां पैशाचश्चाल्हमोह्मम: ॥३४॥

"સુતેલી, કેફી વસ્તુના ઘેનમાં પડેલી, તથા બેભાન થઇ ગયલી કન્યાની સાથે એકાંતમાં સંભોગ કરવો, તે પૈશાચ્ય વિવાહ કહેવાય છે અને સર્વ વિવાહોમાં તે વિવાહ મહા પાપી અને અધમ છે."

આમાં ગાય અને બળદ આપવાની એક પ્રકારના વિવાહમાં વાત છે, તેપરથી એવું ફલિત થતું નથી કે તે કન્યાવિક્રય કરવાને ટેકો આપે છે. આગળ એજ પુસ્તકમાં મનુભગવાન ખુલાસો કરે છે કે:—

न कन्यायाः पिता विद्वान्गृह्णीयाच्छुल्कमण्वपि ।

गृह्णंश्छुल्कंहिलोभेन स्यान्नरोऽपत्य विक्रयी ॥५१॥

કન્યાવિક્રયનો દોષ જાણુનારા કન્યાના પિતાએ કન્યાદાનના મૂલ્ય તરીકે વરની પાસેથી થોડું ધન પણ લેવું નહિ. જે પુરૂષ લોભને લીધે વરની પાસેથી કન્યાનું મૂલ્ય લે છે તે પુરૂષ સંતાનને વેચનારો ગણાય છે.

स्त्री धनानि तु ये मोहादुपजीवन्ति बान्धवाः ।

नाही यानानि वस्त्रं वा ते पापा यान्त्यधोगतिम् ॥५२॥

કન્યાના પિતા, ભાઈ વગેરે જે બાંધવો મોહને લીધે પોતાની વહુ દીકરી વગેરેનાં સ્ત્રી ધનો ઉપર આજીવિકા

કરે છે, અથવા તો સ્ત્રીના વાહનોનો અને વસ્ત્રોનો ઉપભોગ કરે છે, **તે પુરૂષો મરણ પછી નરકમાં પડે છે.**

आर्षे गोमिथुन शुल्कं के चिदाहुर्मुषैव तत् ।
अल्पोऽप्येवं महान्वापि विक्रयस्तावदेवसः ॥९३॥

આર્ષ વિવાહમાં કન્યાના માબાપને એક બળદ અને એક ગાય અથવા તો બે બળદ અને બે ગાય આપવામાં આવે છે, તે મૂલ્ય છે, એમ કેટલાક આચાર્યો કહે છે તે વાત મિથ્યાજ છે. કારણકે વિક્રયની કીંમત થોડી અથવા તો ઝાઝી હોય છે; પરંતુ આર્ષ વિવાહમાં ઠરાવેલું મૂલ્ય તો નિયમિતજ છે, માટે તે વિક્રય ગણાતો નથી,

કન્યા વેચાતી લેવી અને વેચાતી દેવી એ લાકડું આપણા કહેવાતા આજના ભૂદેવો અને ધર્માચાર્યોએ ઘુસાડી દીધું છે. *તેઓ કદાચ પોતાની કન્યાઓના પૈસા લેતા નથી પણ પોતાને ઘેર કન્યા લાવવાને માટે હજારોની પુંજી પરવારી પોતાના દીકરાઓને પરણાવે છે. આવા અનેક દાખલા જોવામાં આવે છે. જો કે તેઓ પુત્રીઓનું વેચાણ કરતા નથી પણ પ્રત્યક્ષ રીતે બીજાઓને દીકરીઓના દોકડા લેતાં શીખવે છે. જ્યારે બ્રાહ્મણો અને ધર્માચાર્યો આવી રીતે વર્તે ત્યારે તેમની આજ્ઞામાં રહેનાર

---

* બ્રાહ્મણોમાં કન્યાવિક્રય ઘણોજ થાય છે.

તેમના અનુગામીઓ તેમની આવી રૂઢી સ્વીકારવાને કેમ કબુલ ન થાય વારૂ ? અફસોસની વાત છે કે, બ્રાહ્મણો અને ધર્માચાર્યો આ મહા પાપમાં ફસાયા છે. મુખ્યત્વે કરીને તેમણે પ્રથમ સમજવું જોઇએ છીએ અને બીજાઓને તેના ગેરફાયદાથી વાકેફ કરી દાખલારૂપ બનવું જોઇએ છીએ. કારણ જમાનો દૃષ્ટાંતનો ભુખ્યો છે.

કન્યાવિક્રય રિવાજ બંધ કરનાર સજ્જનોને કન્યાઓ સુખી થઇ ઉત્તમ પ્રકારની આશીષ આપશે એ નિર્વીવાદ સમજવું.

अद्भिरेव द्विजात्याणां कन्यादान विशिष्यते

મનુ ભગવાન.

માત્ર પાણીની અંજલી મુકીને કન્યાદાન આપવું એ સૌથી ઉત્તમ પક્ષ ગણેલો છે. માથે ગમે તેવી વિપત્તિ હોય છતાં પણ દિકરીનો એક પણ દોકડો લેવાને કોઈને પણ હક્ક નથી. શાસ્ત્ર કહે છે કે "ત્રેવડ ન હોય તો દર્ભની છ વીંટીઓ, વલ્કલ વસ્ત્ર અને ઝાડના પાનના પત્રાળામાં કંદમૂળનું ભોજન એટલુંજ બસ છે." શક્તિ અને ગજા પ્રમાણે દિકરી પરણાવવામાં ખર્ચ કરી દેહાંત સુધી પણ દિકરીનું વસ્ત્રાદિકથી પોષણ કરવું. એવા માણસો માટે કહ્યું છે કેઃ—

क्रीडंति पूर्वजा स्तस्य स्वर्गे प्रमुदिताः किलः

આવી રીતે કન્યાદાન આપનારના પૂર્વજો અનંતકાળ સુધી સ્વર્ગમાં રહી આનંદ કરે છે. જ્યારે આથી વિરૂદ્ધ કન્યાવિક્રયના કરનારાઓ માટે કહ્યું છે કેઃ—

कन्यायाविक्रयो नैव कर्तव्यः कवापि केनचित् ।
ब्राह्मणेन विशेषेण यत्कर्त्ता याति रौरवं ॥

કન્યાવિક્રય કોઈએ કરવો નહિ, કારણ કે કન્યાવિક્રય કરનાર રૌરવ નર્કના અધિકારી થાય છે.

કન્યાવિક્રયનો દુષ્ટ રિવાજ મુખ્યત્વે કરીને ઉચ્ચ જ્ઞાતિમાં તો ઉંડાં મૂળ નાંખી મક્કમ થઈ બેઠો છે. આ ચાલ ખરેખર ગુલામ અને પશુઓને વેચવા જેવો છે. આ મહા અનર્થકારક તેમજ કુળ, ધર્મ, વિગેરેને નીચ પંક્તિમાં લાવનાર રિવાજને દૂર કરવાને ત્વરિત પ્રયત્ન આદરવો જોઈએ છીએ. આ દુષ્ટ રિવાજનો સર્વ જ્ઞાતિમાં પૂજનીય અને સત્તાધારી હતી તેજ બ્રાહ્મણ જ્ઞાતિમાં વિજયવંતો વાવટો ફરકી રહ્યો છે. તેના પ્રમાણમાં અન્ય સઘળી જ્ઞાતિઓ ઉતરતીજ હશે. ભાટીઆ કોમમાં તો આ રિવાજની અવધિજ થઈ રહી છે.

ખરેખર વિસ્મય જેવી વાત છે જે શ્રીમદ્‌શંકરાચાર્ય ભગવાન જેવા તેમના માથા ઉપર સબળ શિક્ષાગુરૂ હોવા છતાં ભૂદેવોમાં આવો દુષ્ટ ચાલ પ્રચલિત છે. જ્યારે

એક બ્રાહ્મણ સ્વામીનારાયણના પંથમાં જાય છે ત્યારે તેની સાથેનો જ્ઞાતિ સંબંધ નહિં રાખવા જેવો હુકમ કાઢવા તેઓશ્રી સત્તાવાન છે એવું કેટલાક વખત ઉપર સાબીત થયું છે. તો કન્યાવિક્રય જેવા દુષ્ટ રિવાજ માટે આજના કર્મહીન ભૂદેવોને કર્મથી જાણીતા કરી આવા જુલ્મી રાક્ષસી રિવાજના મુખમાં જતા અટકાવી ન શકે શું ?

પ્રાચીન સમયે બ્રાહ્મણ જાતિ જેવી આગેવાન જ્ઞાતિ સમસ્ત ભારતદેશમાં અન્ય કોઈ પણ નહોતી. તેના નેતાઓ પોતાનું કર્ત્તવ્ય સમજી આ દુષ્ટ રિવાજને દૂર કરી અન્ય જ્ઞાતિમાં દાખલા રૂપ થઇ પડશે તો આ સુધારો વિજળીની ઝડપે સર્વત્ર ફેલાશે એ નક્કી સમજવાનું છે. આ બાબત તમામ બ્રાહ્મણોને લાગુ પડતી નથી. પણ જે જથામાં કન્યાવિક્રય થતો હોય, જેણે શાસ્ત્રની અને વેદની મર્યાદા ઓળંગી હોય અને અધર્મથી ચાલતા હોય, તેવાઓનેજ લાગુ પડે છે, કર્મનિષ્ઠ પવિત્ર ભૂદેવોને તો આ વાતને કાંઇ પણ લાગતું વળગતું નથી.

સંતોષની વાત છે કે, હાલમાં દેશી રાજામાં વિદ્યા, સ્વાતંત્ર્ય અને પ્રજા પ્રેમમાં, ઉત્તમ ગણાતા મહારાજા ગાયકવાડ સરકારે કન્યાવિક્રય અને બાળલગ્ન બંધ કરવાનો કાયદો કર્યો છે. આશા છે કે અન્ય રાજાઓ પણ આ

કાયદાનું અનુકરણ કરી, પ્રજાના પૂણ્ય પાપના રાજાઓ પણ ભાગી છે એવું સમજી, આ ધર્મશાસ્ત્રની સત્યવાણી ધ્યાનમાં લઈ પાપ ઓછું કરવા પ્રયત્ન કરશેજ.

કન્યાવિક્રય કરવાથી કેટલું અધોગતિએ પહોંચાય છે તે નીચેના એક ટુંકા દૃષ્ટાંત ઉપરથી સ્પષ્ટ થશે. કોઈ એક શહેરમાં એક મહા સમૃદ્ધિવાન અને આબરૂદાર મોટો નગરશેઠ રહેતો હતો તે સર્વે રીતે સુખી હતો, પરન્તુ તેને સંતાન નહોતું. અને તે વાનપ્રસ્થ અવસ્થાએ આવી પહોંચ્યો હતો. જેથી પોતાની પાછળ મીલકતનો કોઈ પણ વારસ નહીં રહેશે એવી રીતનું સમજી હંમેશાં ચિંતામાં ચિતાની માફક બળ્યા કરતો જેથી દિનપરદિન તેનું શરીર બગડયું. શેઠ દયાળુ અને પૂણ્યશાળી હતો. તેમજ તેના ગામમાં આવતા દરેકે દરેક અતિથિનો આદર સત્કાર કરતો હતો. મહાત્મા, સાધુ, સંત વિગેરે પવિત્ર પાત્રોના સહેવાસમાં રહેતો. પોતાને સર્વે વાતે સુખી સમજતો હતો પણ વારસ નહીં હોવાથી તે ઘણોજ દુઃખી રહેતો. આ સ્થિતીમાં દિવસો વ્યતીત થતા હતા. કેટલોક કાળ વિત્યા બાદ તેના ગામે એક ફકીર અનાયાસે આવી પહોંચ્યો. આ પરગજુ શેઠે તેનો સારી રીતે સન્માનપૂર્વક આદર સત્કાર કર્યો; જેથી ફકીર તેની આવી શ્રેષ્ઠ કૃતિથી સંતુષ્ઠ થયો, અને વિદાયગીરી લેતી વખતે કાંઇ પણ ઇચ્છીત ફળ માગવાને

શેઠને વિનવ્યું. શેઠે પોતાની અખૂટ અને અઢળક દોલત હોવા છતાં પુત્ર નહિં હોવાને સબબે પોતાની અત્યંત દિલગીરી જણાવી. ફકીરે શેઠને આશ્વાસન આપી કહ્યું કે હે શેઠ! તમોને પુત્ર પ્રાપ્તિ થાય તેવો એક ઉપાય બતાવું છું. પરન્તુ તેનો તમે સ્વીકાર કરશો કે કેમ? એને માટે મને શંકા રહે છે.

શેઠે જવાબ આપ્યો કે હે પવિત્ર સાંઇ! પુત્ર પ્રાપ્તિ માટે હું એટલો બધો મરજાળ છું કે તમે મને ગમે તે ઉપાય બતાવશો તો તે મારા જીવના જોખમે પણ કરવા તૈયાર છું. જેથી કૃપા કરી મને તે ઉપાય બતાવશો. ગરજને અક્કલ હોતી નથી એ આપણી કહેવત જુઠી ઠરતી નથી. વળી કહ્યું છે કેઃ—

નહીં ચીજ કોઈ ગળી ગરજ સમ નહીં ચીજ કો ગળી.

\+ \+ \+ \+

બળીઆ પણ નિર્બળને નમતા રાય રંક ઘર જાય.

\+ \+ \+ \+ **અનસૂયા.**

ફકીરે જવાબ દીધો કે હે શેઠ! મારૂં વચન છે કે ખુદાના હુકમથી તમોને પુત્ર પ્રાપ્ત થશે. પણ પુત્રનો જન્મ થયા બાદ તમારે પ્રથમ તેની ખુશાલીમાં માંસનું ભક્ષણ કરવું પડશે. આ પ્રતિજ્ઞા શેઠે સાંભળી કે તેમને દિલગીરી થઇ પરંતુ ફકીરનું વચન ઓળંગવાથી કાંઈક વિપરીત પરિ-

ણામ આવી પડશે એવું ધારી તે વાતનો તેણે કચવાતે મને સ્વીકાર કર્યો. ફકીરે શેઠની પાસે પ્રતિજ્ઞા લેવરાવ્યા બાદ પોતે વિદાય થઈ ગયો. યોગ્ય સમય વિત્યા બાદ 'કાગનું બેસવું અને ડાળનું ભાંગવું, એ કહેવત અનુસાર શેઠને ઘેર એક સ્વરૂપવાન પુત્રનો જન્મ થયો. પુત્રનો જન્મ થયા પછી શેઠને ફકીરે આપેલી પ્રતિજ્ઞા યાદ આવી જેથી મનમાં ઘણોજ શોક કરવા લાગ્યા. પુત્રની અપ્રાપ્તિને લીધે ફકીરને તે વખતે વચન અપાઇ ગયું ખરૂં પરંતુ જ્યારે વચન પાળવાનો વખત આવ્યો ત્યારે શેઠ ઘણા ધર્મિષ્ઠ હોવાથી માંસ ભક્ષણ માટે તેમના અંતઃકરણમાં ઘણોજ કમકમાટ ઉપજ્યો; અને તે કાર્ય નહિં કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. પણ ફકીરને આપેલું વચન તોડવાથી આવા અમૂલ્ય રત્ન જેવા પુત્રનો નાશ થશે એવા વ્હેમી ભયથી તે દુષ્ટ કૃત્ય કરવું કે નહિ તેના સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા. મન ચકડોળે ચઢયું તે ઠેકાણે આવવા ન પામ્યું. પરિણામે શેઠનું શરીર શુષ્ક થતું ગયું અને માત્ર હાડપીંજર જેવાજ દીસવા લાગ્યા.

આ અરસામાં તેમના સુભાગ્યે તેમના શહેરમાં કોઈ એક પવિત્ર મહાત્માનું આગમન થયું. પોતાની હરહંમેશની રૂઢી મુજબ શેઠે તે મહાત્માને પોતાને ઘેર ભોજનાર્થે નિમં-ત્રણ મોકલ્યું આ મહાત્મા ઘણાજ જ્ઞાની અને ત્રિકાળદર્શી

હોવાથી શેઠની મુશીબત જો કે પીછાની શકયા હતા છતાં તેમણે વિદાયગીરી લેતી વખતે કાંઈક માગવાને શેઠને આજ્ઞા કરી. શેઠે ગળગળીત કઠે વિનંતી કરી કે મહારાજ! આપ જેવા સાધુ પુરૂષોની કૃપાથી હું સર્વ વાતે સુખી છું, પણ માંસ ભક્ષણ માટે આપેલા વચનની અથઇતિ હકીકત જણાવ્યા બાદ વિનંતી કરી કે ફકીરનું વચન રહે અને માંસ ભક્ષણના દુષ્ટ કૃત્યથી પોતે ઉગરી શકે તેનો ખુલાસો માગ્યો. આ સર્વે હકીકત સાંભળી મહાત્મા સ્મિત વદનથી બોલ્યા કે હે શેઠ! જે પાપી પુરૂષો પોતાની દિકરી વેચી પૈસા લેઇ તેનાથી જે કાંઇ ન્યાતવરા વિગેરે કરે છે તે ખોરાક માંસ તુલ્ય છે. માટે તેવા કોઈપણ ન્યાતવરામાંથી તમે થોડુંક ભોજન મેલવી તેનું ભક્ષણ કરશો તો તે માંસ તુલ્યજ છે. આવી રીતીનો બોધ આપીને મહાત્મા રસ્તે પડયા. શેઠે તેમના કહેવા મુજબ વર્ત્તન કરી ફકીરને આપેલા વચનમાંથી મુક્ત થઇ સુખી થયો. અને પોતાના દિવસ આનંદમાં નિર્ગમન કરવા લાગ્યો.

ઉપરના કલ્પિત દ્દષ્ટાંતથી સ્પષ્ટ થશે કે માત્ર કન્યાવિક્રયથી મેળવેલા પૈસાથી કરેલા ન્યાતવરામાં ભોજન કરનાર દરેક માણસ જ્યારે અભક્ષાભક્ષ્યના દોષનો ભાગીદાર થાય છે તો કન્યાવિક્રયથી પૈસા મેળવી પોતાની જીંદગી ચલાવનાર અધમમાં અધમ કસાઇઓની શી દશા થશે?

તે પાપીઓને ઇશ્વર શી સજા કરશે? તે મારા સુજ્ઞ બન્ધુ ઓને સમજવું રહેલ છે.

નીચ, કંગાળ અને કંજુસ, લાલચુ માબાપો પોતાની બાળાનું રક્ષણ કરવાને બદલે, અસમજપણામાં એક રત્નને અગ્નિના તાપમાં બાળી દેવા હિમ્મત કરે છે, તેને કાંઈ વિચાર થતો હશે? ઓ ઘાતકીઓ! કસાઇને ઘેર ગાય સોંપતાં શું તમને ખબર નથી, કે તેનો વધ થશે? ઉછરતા ઝાડને પાણી વગરના સ્થળમાં રાખશો તો શું તે બળી નહીં જશે? અરે સમજો! કાંઇક જુવો! મહામહેનતે બાળકોને ઉછેરવાં, પૈસાનો ભોગ આપી ભણાવવાં, તે બધું તેમનું સંસાર સુખ નાશ કરવા માટેજ કે? શું માબાપોની એવી ફરજ નથી, કે પોતાની પુત્રીને સુખી કરવા કુલીન કુળ, વિદ્વાન પતિ અને યોગ્ય સુખ સંપાદન થાય તેવું ઘર શોધવું? શું આર્ય પ્રજામાં ઉચ્ચ ગણાતી, રાજ્યકારભારમાં નિપુણ મનાતી જ્ઞાતિઓમાં પણ આવા કઢંગા રિવાજ પેસી જાય, અને તેને પુષ્ટિ આપી સહુ કોઈ 'ઉંટ બિલાડી લે ગઈ, હાં જી હાં' કર્યા કરે અને આવા અનાચારપર, લોકની, ધર્મની અને પોતાની તો નહિજ, પણ નિર્દોષ બાળાપર આવી પડતી અધમગતિની પણ દરકાર ન કરે? અફસોસ જ્યારે એવા શખ્સો આવા કાર્યને પુષ્ટિ આપશે તે બીજા ક્ષુદ્રોને તો શો દોષ દેવો? એક વખત પંરણવાનું સાટું

ચોક્કસ કરે, માલ થાપણ તરિકે ખરીદ કરનાર મુકી જાય, અને તેની ગેરહાજરીમાં વેચનારને કાંઇ વધારે નફો મળે, તો તે વેચી ખાય! આવો અજ્ઞાન જાતી જેવો ધારો પણ ઉચ્ચ જ્ઞાતિઓમાં ચાલે ખરો કે? કેવો જુલ્મ! કેવો અન્યાય! જાનવરોની પેઠે માણસોનાં પણ વિશ્વાસઘાતી વેચાણ ખત થતાં હશે શું? શું જ્ઞાતિમાં એથી વિરૂધ્ધ રિવાજના નહિં હશે? શું પ્રયાસ કરવા માંડે, તો દુઃખી બાળાઓનાં દુઃખ નિવારણ નહિ થશે? શું જીવતાં માબાપોએ પુત્રીઓ અનાથ કહેવાય, અને તેની હિણપસ્તીની અસર જરાએ ન લાગે? હિંદુ પ્રજાની અસંમતિ છતાં તે અયોગ્ય લાગવાથી સરકારે સંમતી વયનો ધારો પ્રસાર્યો તેવીજ રીતે જ્ઞાતિઓના આગેવાને અને પ્રમુખોની આંખ નહિં ઉઘડવાથી ફક્ત એક સુપ્રચાર કરી નિર્દોષ બાળકીઓને પીડાથી બચાવવા અને ન્યાયને પુષ્ટિ આપવા ખાતરજ આ કન્યાવિક્રયનો ધારો નાશ કરવા સરકાર દરેકને દબાણ ન કરી શકે? જ્યારે સદાકાળ આમજ ચાલશે તો સંસાર કારભાર અને સૃષ્ટિ નિયમ કેમ નભશે? બિચારા ગરીબો દ્રવ્ય ક્યાંથી કહાડશે? અને એમ કરતાં વાગ્દાન થશે, તો વધારે પૈસા દઈ દુષ્ટ સંપત્તિવાન કન્યા ઝુંટાવી લેશે, ત્યારે પ્રજાનો ફેલાવો શી રીતે થશે? શું ગાડરીઆ પ્રવાહમાં ઘસડાતા માબાપો પોતાની પુત્રીઓનાં દુઃખ દુર કરવાને યોગ્ય ઉપાય નહિં લેશે? જો આવી રીતે

કાયમ ચાલશે, તો થોડાજ વખતમાં કુળવાન સૃષ્ટિનો વિનાશ થશે.

મહાત્મા મનુ મહારાજે કહ્યું છે કેઃ—

आदद्येत् न शुद्रोपि शुल्कं दुहितरं ददन् ।
शुल्कंहि गृहणेन कुरुते छन्नं दुहितृ विक्रयम् ॥

અર્થઃ-શુદ્રે પણ દીકરીને પરણાવીને તેનું મૂલ્ય ન લેવું જોઇએ તો પછી દ્વિજાતિ-બ્રાહ્મણ ક્ષત્રી અને વૈશ્યથી લેવાયજ કેમ?

व्याधा श्रेष्ठा मनुष्याणां
कन्याविक्रय कारिणाम्
ते निर्दया परेष्यैव
पुत्रादिषु दया परा ॥

અર્થઃ—કન્યા વેચનાર કરતાં પારધિ હજાર દરજ્જે ઉત્તમ છે, કારણ કે તે પોતાનાં છોકરાં ઉપર દયા લાવે છે. અને મનુષ્યથી ઉતરતી જાતના પ્રાણીઓ તરફ નિર્દયતા બતાવે છે. પણ કન્યાવિક્રય કરનાર પોતાની દીકરીને ઉંચે લટકાવી તેલનો તાવડો કકડાવી થોડે થોડે ગળામાં તે ગરમ થયલું તેલ રેડી રીબાવી રીબાવી મારે છે. વળી કહ્યું છે કેઃ—

कन्या कोपः कुल द्रव्य प्रहाराणाम्

અર્થઃ—કન્યાનો જે કોપ તે આખા કુળ અને દ્રવ્યનો નાશ કરે છે.

જ્યાં કન્યાવિક્રય પ્રવેશ કરે છે ત્યાં બાળલગ્ન પણ પ્રવેશ કરે છે. બાલ્યવિવાહથી બાળકોનું તેમ બાળકીઓનું શરીર ખરાબ થાય છે. નાનપણમાં બાળકીઓ ઋતુમતી થઈ ગર્ભ ધારણ કરે છે અને કાચી વયને લીધે કાંતો ગર્ભપાત થઇ જાય છે, કાંતો બાળક જન્મતાંજ ગુજરી જાય છે અને જન્મતાં જીવે છે તો અંતે દુર્બળ અને વીર્યહીન પેદા થાય છે. સ્ત્રીઓની તન્દુરસ્તીમાં હાનિ અને અકાળ મૃત્યુ એ બાલ્યવિવાહનુંજ ભયાનક પરિણામ છે.

ઈસ્વીસન ૧૮૮૧ની સાલના ભારતવર્ષીય ગવર્નમેન્ટના સેન્સસ રિપોર્ટના પાને ૧૪૭મે મી૦ હાર્ડીએ લખ્યું છે કે આ દેશમાં બાળકની સંખ્યા ઘણી છે અને મરણની સંખ્યા તેથી પણ ઘણીજ છે.

બાલ્યવિવાહના વિષયમાં આપણું પ્રાચીન આયુર્વેદશાસ્ત્ર શું કહે છે? બાલ્યવિવાહથી શારીરિક અવનતિ થાય છે, વૈદ્ય ડૉકટર પણ આ અઘોર કૃત્યને માટે બૂમો પાડીને તિરસ્કાર કરે છે.

નાની ઉમ્મરમાં અનેક તરેહના રોગ હોવાથી ઘણાં બાળકો મરણ પામે છે. સૃષ્ટિ કર્તા પરમાત્માનો નિયમ છે કે ગજા ઉપરાંત શરીરને દુઃખ કે ઉપદ્રવ થાય તો ખોળીઆમાં રહેતો જીવ ચાલ્યો છે તેમ બાળકનું ભારે રોગ ખમવાનું ગજું હોતું નથી. તેથી તેને ભારે રોગ થાય તો તે તરતજ મરણ પામે છે તેથી કેટલીક પુત્રીઓને બાળપણમાં રાંડવું પડે છે આથી તે બિચારીને આખો જન્મારો વૃથા ખોવો પડે છે.

ઓ મનુષ્યો થતી આવી કુટેવોને મ્હેલજો,
હાથે કરી નીજ બાળને ન કુપમાં ધકેલજો.
નિર્દોષ બિચારાં બાળકોને શીદને કરતા દુઃખી,
વિજય કહે આશીષ લેશો તેથી તો થાશો સુખી.

બાળલગ્ન બંધ કરવાના વિચારો સર્વ બાળાઓના અને બાળકોના માતા પિતાના મનમાં હોય તો હું ધારૂં છું કે આપણામાં બાળ વિધવાઓ થતી અટકે તથા સંસાર વ્હેવહારમાં થતા ભવાડા પણ બંધ થાય. અને સર્વ તરૂણ બાળાઓના પોતાના સર્વ દિવસ સુખમાં નિર્ગમન કરવાનો વખત આવે. પણ અરે! આવા સુવિચારો આપણી ભારતભૂમિના લોકો પોતાના મનમાં કયારે લાવશે? અને બિચારી નિરપરાધી બાળાઓને બળતી આગમાં નાંખવાનો ચાલતો આવેલ ચાલ કયારે બંધ પડશે?

શું આ દુઃખી થતી બાળાઓની દયા નથી આવતી? અરે વજ્રપાતી અને કઠણ હૃદયના ભારતીઓ! આવી રીતે બિચારી પીડાતી અબળાઓને જ્યાં સુધી દુઃખ પાસમાંથી છોડવવાના ઉપાય નહિ કરો ત્યાં સુધી તમારૂં કદી પણ શ્રેય થનારજ નથી, ને તેની ઇચ્છા પણ તમારે રાખવી નહિ, એમ હે આર્યબંધુઓ! તમો ખરી ખાત્રીથી સમજજો. અને આ તમારી પાયમાલી પામેલી ભારતભૂમિને સારી સ્થિતિએ પહોંચાડવાના વિચાર ધરાવતા હો તો બિચારી નિરપરાધી રીબાતી અબળાઓને દુઃખરૂપી ખાડામાં નાખવાનો ચાલ સત્વર બંધ કરવા અને યોગ્ય વરને હસ્તક સોંપવા આગેવાની ધરાવો.

બાળલગ્નના દવમાં બાળો, અરે દુઃખનો નાવ્યો અંત,
સંકટ તેનાં શાં વિસ્તારૂં, થયો સૂર્ય ભારતનો બંધ.
હામ ધરીને કરો કજોડાં, અબળ બાળાને બાળો આપ,
દશા કારૂણ્ય તેની દર્શાવું, આણી હૃદયમાં દુઃખો કાપ.

કન્યાવિક્રયને લીધે જેવી રીતે બાળલગ્ન પ્રવેશ કરે છે તેવીજ રીતે કજોડાં પણ પ્રવેશ કરે છે. શું આ આપણી ભારતમાતાની અવનતિનું એક કારણ નથી? જો મન માન્યો પૈસો કન્યાના માબાપને મળતો હશે તો તે પોતાની દીકરીને ભલે તે આઠ કે દશ વર્ષની હોય તોપણ સાઠ વર-

સના બુઢ્ઢણુજીની સાથે અથવા પોતાની પુત્રી ભલે બાર ચૌદ વરસની હોય અને થનાર જમાઈ ઘોડીઆમાં પડયો ઉંવાંઉં ઉંવાંઉં કરતો હોય, તેની લેશ પણ દરકાર પૈસાના ગેબી તેજમાં રાખ્યા સિવાય લાકડે માંકડું વળગાડી દે છે.

જ્યાં વિદ્યા, વય અને *રૂપનું કજોડું હોય છે ત્યાં દંપત્તિમાં સુખદાયક દાંપત્ય સ્નેહ જન્મતોજ નથી. પંડિત શ્રીવિષ્ણુ શર્માએ લખ્યું છે કે:—

शशीनीव हिमार्त्तानां धर्म्मार्त्तानां रवाविव
मनो न रम्यते स्त्रीणां जराजीर्णेन्द्रिये पतौ

અર્થઃ—જેમ હિમાર્ત માણસોનું ચંદ્ર કિરણથી અને પરસેવાવાળા માણસોનું સૂર્ય કિરણથી મન સંતુષ્ઠ થતું નથી તેમ વૃદ્ધ પતિ સાથેની જુવાન સ્ત્રીમાં ઘણે ભાગે પ્રેમનો અનાદાર—એકબીજાથી અસંતુષ્ટ—હોવાથી દાંપત્ય સુખની સંભાવના રહેતી નથી. ઉલટું દાંપત્ય જીવન વિટંબનામયજ જણાય છે.

બન્ધુઓ! આ બધાનો સાર ટુંકમાં માત્ર એટલોજ કે કન્યાવિક્રયથી, બાળલગ્નથી અને કજોડાથી કન્યા થોરા કાળમાં વૈધવ્ય દશા પ્રાપ્ત કરે છે અને તેને લીધે મરતાં

* રૂપનું કજોડું એટલે કે ગુણાદિ રૂપનું કજોડું.

સુધી પણ અસીમ અને દણીક જાતના ક્લેશ ભોગવે છે. પણ તેના પિતાને કંઇ પણ પરવા કે ભય હોતોજ નથી. હાય ! આ શું સામાન્ય ખેદની વાત છે કે આ યથેચ્છાચાર, સારા નરસાંની વિવેકહીનતા અને ભયાનક પાપાચરણને માટે જનસમાજ કંઈ પણ ફરજ સમજતી નથી !

ચુપ રહેવું એ સંમતિ આપ્યા બરાબર છે. માટે આ અઘોર કૃત્યોનો સર્વ બન્ધુઓએ એકજ નાદથી ઇન્કાર કરવો એમાંજ આપણું અને આપણા દેશનું ભૂષણ છે.

જે જે જ્ઞાતિઓની અંદર આવો અનર્થકારક રિવાજ છે તે દૂર કરવાને, જે સદ્ગૃહસ્થો આગેવાન થઇ પરોપકારાર્થે ઝુંડો પકડશે તેમનાં નામ પણ મહારાજા શ્રી રામચંદ્ર આદિ મહા પુરૂષોની માફક સ્વજ્ઞાતિમાં અચળ રહી જવાનાં એ નક્કી સમજવું. માટે હે વીરો ! તૈયાર થાઓ અને પુરૂષાર્થ આદરો. શ્રીયુત ગોવર્ધનરામે કહ્યું છે કેઃ—

(વસંત તિલકા.)

જેણે નહિ જગતમાં પુરૂષાર્થ સાધ્યો,
ઉચ્ચાશયે પદ નહિં કદીયેજ પામ્યો.
તે જન્મ વ્યર્થ ધરતો ધુળ તેથી સારી
વંટોળિયે ચઢી ઉડે ઘડી વ્યોમમાંહી.

ઘડીભર માનો કે શરૂ કરેલા કામની આરંભતામાં વિટંબણાઓ વેઠવી પડે છતાં હિંમતથી શરૂ કરેલું કાર્ય કર્યે જવાથી ધારેલ મનોરથ સફળ થઈ આખરે જયની ધ્વજા જરૂર ફરકશેજ. કહ્યું છે કેઃ—

"જેમ જેમ માણસ કલ્યાણકારી કામ કરવામાં મન લગાડતું જાય છે તેમ તેમ તેના સઘળા મનોરથ સિદ્ધ થતા જાય છે એ નિઃસંદેહ છે."

આપણી કઢંગી સ્થિતિ થઈ પડી છે. જુના જમાનામાં આપણી ગૌ (ગાય) સમાન ગણાતી બાળાઓનાં જાહેર લીલાંઉ કરાતાં નહોતાં. એટલે કે કન્યા વેચી નાણાં લેતા નહોતા. એટલુંજ નહિ પરંતુ તેવાં નાણાં પ્રત્યે તિરસ્કાર બતાવીને તેને ગૌમાંસ બરાબર ગણતા હતા. પૂર્વભવના પુણ્યોદયથી આપણને સંપૂર્ણ ઇંદ્રિયમય આ મનુષ્ય દેહ પ્રાપ્ત થયો છે. એ મનુષ્ય દેહનો નિર્વાહ કાંઈ પોતાની વ્હાલી પુત્રીઓ વેચી કરવાનો નથી. પરન્તુ નીતિથી, શારીરિક બળથી અને અખંડ પ્રયાસથી મેળવેલ લક્ષ્મીથી કરવાનો છે. આપણામાં તે પ્રમાણે લક્ષ્મી પ્રાપ્ત કરવાની તાકાત ન હોય તો આ ભારરૂપ દેહને કાગડા કુતરાંને

સોંપી દેવું બહેતર છે, એવું પૂર્વજનો સમજતા હતા. જ્યારે હાલમાં આપણા ભાઇઓ અબળાઓનાં વેચાણો ધમધોકાર ચલાવે છે, અને તેથી તેવા માણસોને આપણે અધમ સ્થિતિમાં નીહાળીએ છીએ. પ્રવર્ત્તન વધારેને વધારે વધતું જતું કરવા ઉત્તેજીત થઇએ છીએ, જે પાપ બોલતું નથી પણ બોળી મારે છે. તેવીજ રીતે પૈસા લેનારા કોઇ દ્રવ્યવાન થઈ સુખી થયા હોય એવું પણ દેખાતું નથી.

જેઓ પુત્રીઓનાં નાણાં લે છે તે ચવાઇ જાય છે. વિવાહ સુધી પણ કામ આવતાં નથી. ઉપરાંત તેના અને તેના કુટુંબીઓના છોકરાઓ વાંઢા બેસી રહી લાંબી મુદત સુધી રખડી પડે છે. અને તેથીજ તેવા જુવાનીઆઓ અનીતિને માર્ગે દોરાય છે. તેવીજ રીતે જુવાન અબળાઓ વૃદ્ધોને ત્યાં જોડાવાથી તેઓમાં પણ બગાડો થાય છે. જેથી અનીતિને ઉત્તેજન મળે છે. વળી આથી અનીતિમાન સ્ત્રી પુરૂષોની સંગતથી અનેક ચેપી રોગો ઉદ્ભવે છે. જે કારણને લીધે પણ પ્રજા નિર્વીર્ય, નિસ્તેજ અને બાયલી નીવડે છે.

બધાં કામો પડતાં મુકી આ કામ આગેવાન ગૃહસ્થો હાથ ધરશે તો આપણી સદા ચડતીજ થશે. મોટું પુણ્ય ઉપાર્જન થશે અને અબળાઓ અને દિકરીઓનાં ગરીબ

માબાપો આશીષ દેશે. તેઓનાં દુઃખ દૂર થશે જેથી તેઓની આંતરડી ઠરશે અને તેમની દુવા–આશીષ તમારા વંશપરંપરાને ફળશે.

જેઓ અજ્ઞાનરૂપી અંધકારમાંથી બચવા માટે, અનેક કુકર્મો કરવા માટે, વિચાર કરતા નથી તેઓ આગેવાનો નહિ પણ ભારતભૂમિને ભાર રૂપ છે, એવી અમારી માન્યતા છે. આપણી સ્થિતિ ઘણીજ કફોડી છે અને હજુ દરેક કોમના આગેવાનો જાગૃત નહિ થાય તો આપણું કોણ જાણે શું થશે તેની ધાસ્તી રહે છે માટે વખતસર ચેતવામાંજ સાર સમાયેલો છે.

કન્યાવિક્રય અધમ દુષ્ટ રિવાજ છે,
કરજો તેને હિમ્મતથી દેશ દૂરજો,
અધમ દશા ભારતની થઇ દુઃખ કારજે,
કારણ રૂપ ગણી કરજો ચકચુરજો.

ઉપર જણાવેલા સઘળા વિવેચનથી સર્વ વાચકબન્ધુઓને સ્પષ્ટ થશે કે જેમ બને તેમ તન, મન અને ધનનો સદ્‌ઉપયોગ કરી, આ દુષ્ટ રિવાજને તોડી પાડવાને સર્વ કોઇને પોતાનો બનતો પ્રયત્ન કરવાની ખાસ અગત્ય અને ફરજ છે. હવે છેવટમાં આ દુષ્ટ રિવાજને દૂર કરવાને કેવાં પગલાં લેવાં જોઇએ તે ટુંકમાં જણાવીએ.

આપણામાં કોઈ પણ સુધારાનું પગરણ કરતાં હાલના પાશ્ચિમના સુધારાનો આશય લેવા કરતાં આપણા પોતાનાજ વડીલોની પદ્ધતિ શોધી કહાડી, તેનું મનન કરી જો તે વખતના ધારાઓને અનુસરી કાર્ય કરવામાં આવે તો અમે હીંમતથી કહી શકીએ છીએ કે ભારત દેશ જે એક કાળે જગતના સર્વ દેશોમાં અગ્ર પદે હતો તે આજકાલ અજ્ઞાનતાને લીધે બીજા દેશોથી જે નીચી સ્થિતિએ આવી પડયો છે તેમાંથી તેનો ઉદ્ધાર થશે અને દેશે દેશ તેની જાહોજલાલી અસલની માફક ગવાશે.

પ્રાચીન કાળમાં આપણી દુનીઆદારીની વ્યવસ્થા માટે આપણા દીર્ઘદૃષ્ટિવાળા આર્ય વડીલોએ પોતાની ચાર જ્ઞાતિઓ બાંધી હતી. જેમાં બ્રાહ્મણોનું મુખ્ય કર્ત્તવ્ય સર્વ પ્રજાને અધ્યાત્મ શાસ્ત્ર અને ઈશ્વર જ્ઞાન મેળવ્યા બાદ અન્ય વર્ણને તે વિદ્યાનો લાભ આપવાનો તથા દુનીઆદારીની વ્યવસ્થામાં કોઈ પણ ધારાઓ બાંધવાનો સંપૂર્ણ હક્ક હતો. જેથી તેઓનો અન્યવર્ણ તરફથી ગુરૂ તરીકે સ્વીકાર થયેલો હોવાથી તેઓની આજ્ઞાઓ–પછી ગમે તો સારી હોય યા નરસી હોય–તોપણ તેનો અનાદર થતો નહોતો. જ્યારે બ્રાહ્મણોનો દરજ્જો ગુરૂ તરીકેનો લેખાતો હતો તેવીજ રીતે ક્ષત્રીઓનો દરજ્જો રાજા તરીકેનો લેખાતો. વૈશ્ય વેપાર વણજ અને

ખેતીનો ઉદ્યોગ કરતા જ્યારે શુદ્રો કે જેઓ મંદ બુદ્ધિના મનુષ્યોનો વર્ગ હતો તેઓ ત્રણે વર્ણની સેવા ચાકરી કરવામાં રોકાતો હતો.

ઉપર પ્રમાણેની સુવ્યવસ્થા પ્રાચીન સમયમાં હતી. તે વખતેજ ભારતભૂમિનો વિજય વાવટો જગતના સર્વ દેશો પર ફરકી રહ્યા હતો. પરન્તુ સાંપ્રત કાળનો જ્યારે વિચાર કરીએ છીએ અને આપણા પ્રાચીન બ્રાહ્મણોના વૃત્તાંત વાંચીએ છીએ ત્યારે આપણને સ્પષ્ટ થાય છે કે જો હાલના બ્રાહ્મણો આપણી આર્ય વિદ્યા સંપાદન કરી જો આપણા ભારતમાં જે કુધારાનું બીજ રોપાયું છે તેમાં આપણો પ્રાચીન સુધારો કરવા માગે તો હજુ પણ તેઓની પોતાની સત્તા અન્ય જ્ઞાતિપર ચલાવી શકે તેમ છે. પરન્તુ તેજ આગેવાન જ્ઞાતિ કે જેમાં આ કન્યાવિક્રય જેવા દુષ્ટ રિવાજનો બહોળો વ્યાપાર ધમધોકાર ચાલી રહ્યા છે, અને તેમાનુંજ અનુકરણ અન્ય જ્ઞાતિઓમાં થયેલું છે; અને પ્રથમ આ બ્રાહ્મણ જ્ઞાતિ સુધરી તેમની પવિત્ર ફરજ સમજી અન્ય જ્ઞાતિને ઉપદેશ કરી તેમની સુવિદ્યાની છાપ બેસાડશે તો આ ઉપાયોથી આવા હાનિકારક રિવાજો જરૂર નાશ પામશે એમાં બીલકુલ સંદેહ રાખવા જેવું કાંઈ પણ જણાતું નથી.

કન્યાવિક્રય થવાનાં કારણોમાં એમ જણાવ્યું છે કે કન્યાની અછતને લીધે આ રૂઢી દાખલ થઈ ગયેલી છે. અને તે અછતનું કારણ એક બ્રાહ્મણ જ્ઞાતિમાં અનેક બ્રાહ્મણ જ્ઞાતિઓ અને બીજી અન્ય જ્ઞાતિઓમાં અસંખ્ય ફાંટાઓ પડી ગયા છે તેજ છે. વિચારો કે જ્યારે આપણે કોઈ જબરજસ્ત સર્પને વશ કરવો હોય છે ત્યારે જેમ તેનું મોઢું દબાવી પકડીએ છીએ તેમજ કોઈ વૃક્ષને નીચે પાડવાને માટે તેના મૂળમાંજ કુવાડાના ઘા કરીએ છીએ ત્યારેજ આપણો આશય સફળ થાય છે. તેવીજ રીતે આ દુષ્ટ રિવાજને જલ્દી પાણીચું આપવાને આપણે આપણા ધર્મગુરૂઓનેજ સાધવા જોઈએ તેઓ જો આ કન્યાવિક્રય જેવા હાનિકારક રિવાજનો પ્રતિબંધ કરવા ધારે તો સહેજ કરી શકે તેમ છે. અને અમે ખાસ કરીને શ્રીમચ્છંકરાચાર્ય ભગવાન, શ્રીમદ્ વલ્લભાચાર્ય અને જૈન ધર્મના ધર્મગુરૂને તેમજ અન્ય આચાર્યોને આ બાબત ધ્યાનમાં લેવા આજીજી પૂર્વક વિનંતી કરીએ છીએ. તેમજ અન્યવિદ્વાનો અને સુધારકોને આ પારમાર્થિક કાર્યમાં સહાનુભૂત થવાને અમો વિનવીએ છીએ, અને છેવટે અમો આશા રાખીએ છીએ કે પરમકૃ-

પ્રભુ પરમાત્મા અમારી અધમાવસ્થામાં આવી પડેલી ભારતમાતાની દયા આણી તેના સંતાનોને આ કુમાર્ગે જતાં બચાવી સન્માર્ગે દોરે એવી તે દયાળુ પ્રત્યે યાચના છે. इत्योम्.

સમાપ્ત.

પટેલબન્ધુ.

કેવળ જ્ઞાતિ હિતાર્થે ૭ વરસથી " **પાટીદાર યુવક મંડળ**" તરફથી પ્રકટ થતું પાટીદાર જ્ઞાતિનું મુખ્ય માસિક પત્ર.

માત્ર સવા રૂપિઆના લવાજમમાં દર વરસે મોટાં ૩૮૪ પાનાં એટલે સાધારણ પુસ્તક સાઇઝનાં ૭૬૮ પાનાનું મોટું પુસ્તક. પ્રખ્યાત વિદ્વાનોના હાથે લખાયલા દીવાળીના ખાસ અંકનો લાભ તો જુદોજ. માત્ર દીવાળીના એક અંકમાંજ અર્ધું લવાજમ વસુલ થઈ જાય છે!

કૃષિ, સમાજ, સાહિત્ય, વાર્તા, વૈદક અને આરોગ્ય તથા પેટ પકડીને હસાવે એવા હાસ્યરસવાળા લેખો એકજ ઠેકાણે વાંચવા હોય તો અવશ્ય "પટેલબંધુ" મંગાવો. વિદ્યાર્થીઓ, નવી લાયબ્રેરીઓ, અને રૂ૦ દસની અંદરના પગારદાર શિક્ષકો માટે વાર્ષિક મૂલ્ય ફક્ત રૂપિયો એક **અગાઉથી.**

હિંદુસ્થાન બહાર બે શિલિંગ.

નમુનાનો અંક અર્ધા આનાની ટીકીટ બીડી મંગાવો.

કુંવરજી વિઠ્ઠલભાઈ—તંત્રી, "**પટેલબન્ધુ.**"

પારસી શેરી, **સુરત.**

"પટેલબન્ધુ" ઓફીસમાં મળતાં

પુસ્તકો તથા છબીઓ,

ખાસ ઘટાડેલા ભાવ.

પ્રભાત–એક રસભરી સામાજિક નવલકથા પ્રયોજક રા૦ પુર
રીક પૃ૦ ૨૫૦ પાકાં સોનેરી પૂઠાની કીમત ૦–૧૦–
કાચા પૂઠાના ૦–૬–૦

મહન્ત–એક પ્રોત્સાહક કાવ્ય પૃ૦ ૬૪ જન સેવાર્થે માત્ર એક
આનાની ટીકીટ બીડનારને મોકલવામાં આવશે.

ભક્તિભાનુ–પ્રખ્યાત ભકતોના ચરિત્રોથી ભરપૂર પૃ૦ ૩૨૦ પાકુ પૂઠું
૦–૮–૦ કાચું પૂઠું ૦–૬–૦

છબીઓ–પ્રખ્યાત દેશ ભક્ત ને વડોદરા રાજ્યના અમાત્ય બાબુ રોમેશચંદ્ર દત્ત, પ્રથમ પાટીદાર પરિષદ્‌ના પ્રમુખ સરદાર પુરૂષોતમદાસ વિહારીદાસ દેસાઇ, દ્વિતીય પાટીદાર પરિષદ્‌ના પ્રમુખ કડી પ્રાંતના સુબા સાહેબ રા૦ બા૦ ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ બી. એ., એલ. એલ. બી. એફ. આર. એ. આઇ.

લીમડીના દીવાન સાહેબ ઝવેરભાઇ નાથાભાઇ અમીન એમના સુંદર ફોટાઓ દરેકની કિમ્મત માત્ર અર્ધો આનો. પોસ્ટેજ જૂદું.